# સહજ-સત્સંગ

અંક : ૨૫૨ વર્ષ : ૨૧ તંત્રી : માનસિંહભાઈ ચાવડા ડિસેમ્બર : ૨૦૦૯



વરાહ - અવતાર



**મા મિરાંબિકા**

માતૃ-પ્રેમ પ્રકાશિનિ, અસુર-શક્તિ વિનાશિનિ ।
ચેતન-વિકાસ પ્રવર્તિનિ, માનવવંશ સુરક્ષિણિ ॥

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૨૪-મે-૧૯૧૪)

**મને બાહ્ય વસ્તુઓમાં ડૂબી જવા ન દેશો.... હું જો એ વસ્તુઓ કરું છું તો તે એટલા માટે કે મને લાગે છે કે તારી ઇચ્છા એવી છે અને કાર્ય સંપૂર્ણપણે સિદ્ધ થવું જોઈએ, પ્રવૃત્તિની અને વસ્તુની નાનામાં નાની વિગતો સુધી..... એ વસ્તુઓને ચેતનાની અંદર સાચી વાસ્તવિકતાઓ કરતાં પહેલું સ્થાન લેવા દેવું ન જોઈએ..... હું જાણે જડતત્ત્વની અંદર ડૂબી ગઈ છું. તારો જવાબ તે શું આ છે ? કે તેં પોતે જ આ રીતે જડતત્ત્વની અંદર ડૂબી જવાનું પસંદ કરેલું છે કે જેથી કરીને એ જડતત્ત્વને થોડે થોડે કરીને ચેતના પ્રત્યે જાગૃત કરી શકાય, તો... શું મને જે થાય છે તે તારી સાથેના એક વધારે સંપૂર્ણ બનેલાં તાદાત્મ્યને પરિણામે થાય છે ? આ દ્વારા તું શું મને એવો જવાબ નથી આપતો : તારે જો સાચી રીતે પ્રેમ કરવાનું શીખવું હોય તો તારે આ રીતે પ્રેમ કરવાનો રહે છે..... અંધકાર અને અચેતનની અંદર..... મારે જો અંધકારમાં ડૂબી જવાનું હોય તો તમે ભલે થાઓ પણ મને..... એટલું તો જાણવા જ દેજે કે એવી તારી ઇચ્છા છે.**

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (દિવ્ય-પ્રેમની રીત) | ૧ | **અરવિન્દોપનિષદ** (અતિમનસનું (ચિત્શક્તિનું) સ્વરૂપ) | ૩૨ |
| **કર્મ દ્વારા સાધના** | ૪ | **રાષ્ટ્રીય શિક્ષણ** (અભ્યાસક્રમની પદ્ધતિ) | ૩૪ |
| **માતૃવાણી** (ધર્મનું સ્વરૂપ) | ૮ | **વેદવિજ્ઞાન (શ્રીસૂક્ત)** | ૩૭ |
| **ગીતાનિબંધો** (વિભૂતિ : પ્રભુની આવિર્ભાવ શક્તિ) | ૧૨ | **ઉપનિષદોનું અમૃત** (છાંદોગ્યોપનિષદની દહરવિદ્યા) | ૩૯ |
| **માનવવિકાસ ચક્ર** (જીવનના આત્મલક્ષી અને વસ્તુલક્ષી દૃષ્ટિબિન્દુઓ) | ૧૭ | **આગામી - ભાવિ** | ૪૨ |
| **સાવિત્રી** (સ્વયં પ્રકાશિત ચેતના) | ૧૯ | **પ્રકાશનો ઉત્સવ :** નાતાલ અને દિવાળી | ૪૩ |
| **યોગ વિષે પત્રો** (જગતના વિવિધ સ્તરો) | ૨૩ | **પુદૂચેરી આગમન શતાબ્દી** (પ્રગતિ અને રૂપાંતર) | ૪૭ |
| **ભારતીય સંસ્કૃતિના પાયા** (ભારતીય શિલ્પનો પ્રેરણા સ્રોત) | ૨૬ | **કવરપેજ ૧ ઉપરની સમજૂતિ કવરપેજ ૪ ઉપર** | |
| **અતિમનસ** (સમય પાકી ગયો છે) | ૨૯ | | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના યોગ દર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
અંક : ૨૫૨ વર્ષ : ૨૧
ડિસેમ્બર - ૨૦૦૯

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ, એકાઉન્ટ પેયી ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ' - ના નામે મોકલશો.**
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)**



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# દિવ્ય-પ્રેમની રીત

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજીને પરમ-ચેતનાની સક્રિય-બાજુ સાથે પણ અર્થાત્ ભૌતિક-જીવનને લગતી બધી પ્રવૃત્તિઓ કરતી વખતે પણ પ્રભુ સાથે એકરૂપતા સ્થાપવાનો પ્રભુનો આદેશ જણાય છે. તે મુજબ પ્રભુને સમર્પિત થઈને માતાજી રોજિંદી-પ્રવૃત્તિઓમાં પણ વધારે ને વધારે પૂર્ણતા અને સંનિષ્ઠા લાવવાની ઘોર-તપશ્ચર્યાની શરૂઆત કરે છે. માતાજીને શરૂઆતમાં એમ જ લાગે છે કે તેઓની પેલી પ્રભુની નિષ્ક્રિય બાજુ સાથેની એકરૂપતા જાણે તૂટી જતી હોય અને પોતે ભૌતિક-જીવનમાં ગળાડૂબ પરોવાઈ ગયાં હોય. માતાજી તેથી પ્રાર્થના કરે છે કે પ્રભુ આ તો તારા આદેશથી પોતે આમ ભૌતિક જીવનમાં પ્રવૃત્ત થએલાં છે. કારણ પ્રભુની ઈચ્છા એવી જણાયેલી છે કે તેમણે પ્રવૃત્તિ દ્વારા અને રોજિંદી ભૌતિક વસ્તુઓ પ્રત્યે પણ પ્રભુ સાથે એકરૂપતામાં રહીને જ જીવન જીવવાનું છે. વૈરાગ્યથી તેને ત્યાગવાનું નથી. જ્યાં સુધી આ પ્રકારની પ્રાસંગિક જ આવતી અનુભૂતિ કાયમી સાક્ષાત્કાર ન બની જાય ત્યાં સુધી આવો અભ્યાસ વધારતાં જ જવાનો છે.

પણ માતાજી અનુભવથી જણાવે છે કે આ અભ્યાસ દરમિયાન પ્રભુની ચેતના સાથેની એકરૂપતાનું અનુસંધાન એક ક્ષણ માટે પણ તૂટવું ન જોઈએ. પ્રભુના અનુસ્મરણને જ પ્રાથમિકતા આપવી જરૂરી છે બાહ્ય કાર્યને નહિ. બાહ્ય કાર્ય તો તે અનુસ્મરણની અભિવ્યક્તિ સ્વરૂપ જ, પરિણામ સ્વરૂપ જ રહેવું જોઈએ. સામાન્ય રીતે પોતાને લોકસેવક અથવા કર્મયોગી કહેવરાવતા લોકો જેવી તે પ્રવૃત્તિ મુદ્દલે બનવી ન જોઈએ.

માતાજી પ્રભુના ભૌતિક-જીવન તરફ વળવાના આદેશનો હેતુ આંતરિક રીતે સમજવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. તેમને લાગે છે કે આ રીતે કરવાથી તદ્દન જડ થઈ ગએલ ભૌતિક જીવનનું મંથન થઈને તેની તમોગ્રસ્તતા ઓછી થશે અને તેની દ્વારા સાચી ચેતના ધીમે ધીમે વધારે ને વધારે પ્રગટ થવા માંડશે. એ હેતુથી જ આ આદેશ પ્રભુએ આપેલો હોવો જોઈએ. ભૌતિક તત્ત્વ તો આધાર છે. તેના આધારે જ પાર્થિવ, પ્રાણમય અને મનોમય તત્ત્વો દ્વારા પણ પ્રભુ પ્રગટ થવા માંગે છે. આનો અર્થ એ થયો કે માતાજી પ્રભુ સાથે જે ચૈતસિક, માનસિક અને પ્રાણમય સ્તરે જ એકરૂપતા સાધવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં, તેને વિસ્તારીને તે એકરૂપતા ભૌતિક સ્તર સુધી લઈ જવામાં આવી છે અને તેથી જ ભૌતિક જીવનનો પણ સાધનામાં સમાવેશ કરવામાં આવેલ છે.

માતાજી જણાવે છે કે પ્રભુની પરમ-ચેતના સાથે એકરૂપ થવું એટલે જ પ્રભુ ઉપર

(પૃ.૩૬ ઉપર)

# કર્મ દ્વારા સાધના (૨)

- જ્યોતિબેન થાનકી

આપણા ધર્મગ્રંથોમાં, શાસ્ત્રોમાં કાર્યો અને સાધનાને ક્યારેય અલગ પાડવામાં આવ્યાં નથી. કાર્યો પણ સાધનારૂપ બની શકે છે. તપ કરવાથી જે સિદ્ધિઓ મળે, એથી પણ વિશેષ સિદ્ધિઓ કાર્યો અને સ્વધર્મની ફરજો બજાવતાં બજાવતાં મેળવી શકાય છે. એના ઘણાં દૃષ્ટાંતો વેદવ્યાસ મુનિએ મહાભારતમાં આપ્યાં છે. તેમાંનું એક છે, જાજલિમુનિનું દૃષ્ટાંત. જાજલિમુનિ ભારે તપસ્વી હતા. તેમણે એવું કઠોર તપ કર્યું કે મસ્તક પર લાંબી લાંબી જટાઓ થઈ ગઈ અને પક્ષીઓએ તેમાં માળા બાંધીને ઈંડા મૂક્યાં. જ્યાં સુધી આ ઈંડામાંથી બચ્ચાં ન થયાં ત્યાં સુધી તેઓ ખાધાં-પીધાં વગર એમ ને એમ બેસી રહ્યાં. આવું તપ તો કોઈ કરી ન શકે. મનમાં આવો ભાવ જાગૃત થતાં ગર્વ થયો કે ''હું કેવો તપસ્વી ને ધર્મવેત્તા. મારા જેવું કોઈ નથી !'' આ ગર્વ થતાં જ તેમણે આકાશવાણી સાંભળી, ''જો તારે સાચો ધર્મ જાણવો હોય તો કાશીના તુલાધાર વૈશ્ય પાસે જા '' આ સાંભળતાં જ અભિમાન ઘવાયું કે મારાથી પણ મોટા કોઈ ધર્મવત્તા છે ? અને તે ય પાછો વૈશ્ય ?'' એ કેવોક હશે, એ જિજ્ઞાસાથી તેઓ ઝટપટ કાશી આવી પહોંચ્યા. ત્યાં જઈને જોયું તો એક સાવ સામાન્ય વેપારી ગ્રાહકોને આપવાનો માલ જોખી રહ્યો હતો. 'અરે, આવાની પાસે તે કંઈ ધર્મનું જ્ઞાન હોઈ શકે ? તેઓ વિચારી રહ્યા. પણ આકાશવાણી સ્પષ્ટ હતી, આથી તેને પૂછ્યું : ''શું તમે ધર્મ જાણો છો ?'' ''હા,''''તો મને એ ધર્મ સમજાવો.'' ત્યારે વૈશ્યે મુનિને કહ્યું: ''હું મારા બધાં જ કર્તવ્ય કર્મો કરું છું. વેપાર પણ કરું છું. પણ ત્રાજવું સમતોલ રાખીને કામ કરું છું. આ ત્રાજવાની દાંડીની જેમ જ હું મારાં મનને સદા ય સ્થિર રાખું છું અને મહારાજ, હું એક જ ધર્મને જાણું છું, કે જે સર્વના હિતને ધ્યાનમાં રાખે તે ધર્મ.'' આ રીતે કઠોર તપશ્ચર્યાથી જાજલિમુનિ જે ધર્મને નહોતા પ્રાપ્ત કરી શક્યા, એ એક સામાન્ય વ્યાપારી ત્રાજવાની દાંડીને અને મનને સમતોલ રાખીને સંસારની સઘળી જવાબદારી વહન કરતાં કરતાં પ્રાપ્ત કરી શક્યો હતો.

મહાભારતમાં આવું જ બીજું દૃષ્ટાંત ચંડકૌશિકનું છે. ચંડકૌશિકને ભારે સિદ્ધિઓ મેળવવી હતી, એટલે એણે ઉગ્ર તપ કર્યું. ઊંધે માથે લટકીને, ધુમાડો પીને છ મહિના ભારે આકરું તપ કરતાં તેને કોઈને બાળીને ભસ્મ કરી દેવાની સિદ્ધિ મળી. એક દિવસ એક વૃક્ષની નીચે તેઓ બેઠા હતા ત્યાં ઉપરથી તેના મસ્તક પર ચરક પડી. ઊંચે જોયું તો એક બગલી બેઠી હતી. તેને ગુસ્સો આવ્યો અને તેણે ક્રોધપૂર્વક એ બગલી સામે જોયું અને તે બગલી બળીને ભસ્મ થઈ ગઈ. તેને પોતાની સિદ્ધિ પર ભારે ગર્વ થયો. એ પછી

તે ભિક્ષા માંગવા નગરમાં ગયો. એક ઘરે ભિક્ષા માંગી, ત્યાં અંદરથી જવાબ આવ્યો. ''મહારાજ, જરા થોભો, થોડીવારમાં ભિક્ષા આપું છું '' પણ ગૃહિણીને ભિક્ષા આપવામાં વિલંબ થયો, આથી ચંડકૌશિકને ભારે ગુસ્સો આવ્યો. જ્યારે બ્રાહ્મણીએ બારણું ખોલ્યું ત્યારે સાધુનો ભારે ગુસ્સો જોઈને તે બોલી ઊઠી, 'મહારાજ, ગુસ્સે ન થાઓ, હું વનની બગલી નથી, કે તમે મને બાળીને ભસ્મ કરી દેશો'' એ તપસ્વી સાધુનો ગુસ્સો ઓગળી ગયો ને તેણે આશ્ચર્ય અનુભવતાં પૂછ્યું : ''માતા, આપે આ કેવી રીતે જાણ્યું ? આપ તો ઘરની બહાર નીકળ્યાં પણ નથી ? આ વિદ્યા મને શીખવાડો.'' ત્યારે તે બ્રાહ્મણ પત્નીએ કહ્યું, ''મહારાજ, હું કોઈ શાસ્ત્રો ભણી નથી, પરંતુ, ઘરગૃહસ્થીના સઘળાં કાર્યો કરતાં કરતાં અને મારા પતિની સેવા કરતાં કરતાં અંતર જાગી ગયું છે, પણ એ વિદ્યા હું તમને નહીં શીખવી શકું, કેમકે તમારા ગુરુ તો કોઈ બીજા છે.''

ફરી ચંડકૌશિક આશ્ચર્યમાં પડી ગયાં, ''શું તમને ખબર છે કે મારા ગુરુ કોણ છે ? તો મને એમના વિષે કહો''

''હા, મહારાજ,આપ મિથિલા જાઓ અને ત્યાં નગરનાં છેવાડે રહેતા ધર્મવ્યાધ આપને જ્ઞાન આપશે.''

પછી તેઓ મિથિલામાં ગયા અને ધર્મવ્યાધને શોધી કાઢ્યો પણ જોયું તો તે માંસ કાપીને, પછી જોખીને ગ્રાહકને આપી રહ્યો હતો. તેમના મનમાં થયું કે કંઈ આવા માણસ પાસે ધર્મનું જ્ઞાન હોઈ શકે ? કોઈ સિદ્ધિ હોઈ શકે ? પણ ત્યાં તો એ કસાઈની નજર પડતાં જ તેણે કહ્યું; ''આવો મહારાજ ! તમને પેલાં બ્રાહ્મણી માએ મોકલ્યાં છે ને ? પણ હમણાં હું થોડો કામમાં છું. મારા માતાપિતાને જમાડી લઉં, પછી આપણે વાતો કરીએ. ત્યાં સુધી તમે બેસો'' એમ કહીને જેના ઉપર તે માંસ કાપતો હતો, એવો એક પથ્થર આ તપસ્વીને બેસવા આપ્યો. હવે તે તપસ્વી કસાઈ શું કરી રહ્યો છે, તે જોવા લાગ્યો. ધર્મવ્યાધે તેના માતાપિતાને ખૂબ પ્રેમથી જમાડ્યા. એમની સેવા કરી. એમને સુવડાવ્યા અને પછી ચંડકૌશિક પાસે આવીને બેઠો. ''આ સિદ્ધિ તમને કેવી રીતે મળી ?'' ચંડકૌશિકે સીધું જ પૂછ્યું. ''જુઓ, હું કોઈ શાસ્ત્ર ભણ્યો નથી, મેં કોઈ તપશ્ચર્યા કરી નથી. પણ હું મારું કર્તવ્ય સારી રીતે કરી રહ્યો છું. સ્વધર્મનું બરાબર પાલન કરે તેને સિદ્ધિઓ સહજ રીતે જ આવી મળે છે. તમે, તમારા માતાપિતાની પાસે જાઓ, તેમની સેવા કરો. તમારું કર્તવ્ય સારી રીતે કરો. આકરું તપ કરવાથી જે નથી મળ્યું, એ તમારા સ્વધર્મનું પાલન કરવાથી તમને સહજ રીતે મળી જશે.'' ધર્મવ્યાધે ચંડકૌશિકને તેના માતાપિતા પાસે પાછા જવા કહ્યું.

આ રીતે વેદવ્યાસજીએ ઊંચામાં ઊંચું બ્રહ્મજ્ઞાન વેપાર કરતાં વૈશ્ય, ઘરકામ કરતી ગૃહિણી અને સમાજની દૃષ્ટિએ હલકામાં હલકું ગણાવી શકાય તેવું કસાઈનું કામ કરતા

વ્યાધ દ્વારા પ્રગટ કરીને એ જણાવ્યું છે કે ગમે તે પ્રકારનું કામ કરતાં પ્રભુને પામી શકાય છે. બ્રહ્મજ્ઞાન મેળવી શકાય છે.

આપણાં ઘણાં સંતોના જીવનમાં પણ આ વાતની પ્રતીતિ થાય છે. કબીરજીએ વસ્ત્રો વણતાં વણતાં બ્રહ્મજ્ઞાન મેળવ્યું હતું. દક્ષિણના મહાન સંત તિરુવરુવલ્લકરે પણ વસ્ત્રો વણતાં વણતાં પરમતત્ત્વને પ્રાપ્ત કર્યું હતું. મીરાંનાં ગુરુ રઈદાસ તો મરેલાં ઢોરનાં ચામડાં કમાવવાનું કાર્ય કરતાં ચમાર હતાં. પણ આવું કામ કરતાં કરતાં ય તેઓ અંતરમાં રહેલા શ્રીપ્રભુ સાથે એકરૂપ હતાં. ગોરાકુંભાર માટી ખૂંદતાં ખૂંદતાં ને માટલાં ઘડતાં ઘડતાં ઈશ્વરમય બની ગયા હતા. જનાબાઈ પારકા ઘરે કામ કરતાં કરતાં વિઠ્ઠલને પામી હતી. આવાં અસંખ્ય ઉદાહરણો દ્વારા એ સ્પષ્ટ થાય છે કે સંસારમાં રહીને, સંસારની સઘળી જવાબદારી વહન કરીને, કાર્યો કરતાં પણ સાધના થઈ શકે છે, અને પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકાય છે.

## સાધનાની દૃષ્ટિએ કાર્યો કેવી રીતે કરવાં ?

કર્મો તો કર્મો જ છે, પણ સાધનાની દૃષ્ટિએ એનાં એ જ કર્મો હોવા છતાં એની પાછળની ભાવના બદલાઈ જાય છે. ભાવના બદલાઈ જતાં કર્મોની ગુણવત્તા બદલાઈ જાય છે. એ કર્મો કરવા પડે છે, એટલે જેમ તેમ કરી નાંખવા, એ રીતે નથી થતાં, પણ એ પૂજારૂપે થાય છે. એની પાછળની ભાવના કર્મ દ્વારા ભગવાનને સાક્ષાત્કાર કરવાની હોવાથી સામાન્ય દેખાતું, નાનું એવું કર્મ પણ પૂર્ણતાવાળું બની જાય છે. સાધનાની દૃષ્ટિએ જ્યારે આપણે કાર્યો કરીએ છીએ ત્યારે અમુક બાબતોનો ખ્યાલ રાખવો જરૂરી છે, જે આ પ્રમાણે છે :

### ૧ પરમાત્માને અર્પણરૂપે કાર્ય કરવું :

સાધનામાં કાર્યની પાછળનો ભાવ જ મહત્ત્વનો છે. એક જ કાર્ય સામાન્ય ચેતનામાંથી કરવામાં આવે તો તે બોજારૂપ લાગે છે. પણ જો પ્રભુને માટે, પ્રભુને અર્પણરૂપે કરવામાં આવે તો તે આનંદરૂપ બને છે, તે વ્યક્તિને પ્રભુના સાંનિધ્યમાં મૂકી આપે છે. શ્રી અરવિંદ કહે છે : ભગવાનને માટે કરેલું બધું જ કામ, સંગીતથી માંડીને સુથારીકામ, રસોઈ કે ઝાડુ વાળવાનું કામ સુધ્ધાં તેની નાનામાં નાની બાહ્ય વિગતમાં તેમ જ જે ભાવથી કરવામાં આવે છે, તે ભાવમાં પૂર્ણ બનવું જોઈએ. એવું જ કામ અર્પણરૂપ બની શકે છે.'' પ્રભુને નિવેદન કરીને, કાર્ય માટે તેમની પ્રેરણાશક્તિની અભીપ્સા કરીને પછી કાર્ય કરવામાં આવે તો તે કામ ઉત્તમ બને છે. તેનો બોજો લાગતો નથી. પણ તે કામમાં વ્યક્તિને આનંદ આવે છે. તેથી વ્યક્તિ કાર્ય કરતાં કરતાં પોતાની સામાન્ય ચેતનામાંથી ઊઠીને ઊંચે જાય છે અને એ રીતે તેને પ્રભુની ચેતના સાથેનું અનુસંધાન પ્રાપ્ત થાય છે.

### ૨ કાર્યો પૂર્ણતાથી કરવાં :

સાધનાની દૃષ્ટિથી જે કાર્ય કરીએ તેમાં પૂર્ણતાની ભાવના હોવી જોઈએ. જેમતેમ કાર્ય પતાવી દેવું, ઉતાવળે કરી નાંખવું, કોઈને બતાવવા કે કોઈને ખુશ કરવા કરવું - આ બધું નિમ્ન ચેતનાને પ્રગટ કરે છે. આ રીતે થતાં કાર્યો આપણને નીચેની ચેતના સાથે જોડી રાખે છે. પરંતુ પૂર્ણતાને પ્રગટ કરવાની ભાવનાથી કાર્યો કરવામાં આવે તો કાર્ય કરતાં કરતાં વ્યક્તિ પોતે જ પૂર્ણતા પ્રત્યે ખુલ્લી થવા લાગે છે અને ઊર્ધ્વ શક્તિઓના સંપર્કમાં આવે છે. આ રીતે વ્યક્તિ કાર્ય દ્વારા ચેતનાની વધુ ને વધુ ઊંચી સપાટી પ્રાપ્ત કરી શકે છે. પરંતુ કાર્યોમાં પૂર્ણતા કેવી રીતે પ્રગટ કરી શકાય ? આ અંગે માર્ગદર્શન આપતાં શ્રી અરવિંદ કહે છે કે, ''દરેક બાબતમાં કર્મ, અભ્યાસ કે પછી યોગ કરવામાં જો તમારે પૂર્ણતા લાવવી હોય તો આ વસ્તુઓની જરૂર છે; ''મનની સ્વસ્થતા, શક્તિ વિષેની સભાનતા. તેના પ્રત્યે ઉદ્‌ઘાટન અને શક્તિને પોતાની અનુમતિ'' આ ચાર વસ્તુઓ વ્યક્તિએ પ્રથમ તો પોતાની અંદર જ મેળવવાની છે. એ પછી વ્યક્તિ પોતે અનુભવવા લાગે છે કે પોતે તો માત્ર સાધન છે. બધાં કાર્યો પરમાત્માની શક્તિ દ્વારા થઈ રહ્યાં છે.

**૩ કાર્યો એકાગ્રતા પૂર્વક કરવાં :**

જ્યારે આપણે સાધના માટે કાર્ય કરતાં હોઈએ ત્યારે આપણું મન સંપૂર્ણપણે એ કાર્યમય જ બની રહેવું જોઈએ. કામ કરતી વખતે જો મન બીજી દિશામાં ભટકતું હોય તો કામ સારું થતું નથી. તેમાં કંટાળો આવે છે, થાક લાગે છે. શ્રી માતાજી કહે છે કે, ''જ્યારે તમે કામ કરતાં હો ત્યારે તમારે સંપૂર્ણપણે કાર્યમય બની રહેવું જોઈએ - પુસ્તક વાંચવું, ચિત્ર દોરવું, ગીત ગાવું, આ બધાં કાર્યોમાં જ નહીં, પણ સામાન્યમાં સામાન્ય કાર્યોમાં પણ મન પૂરેપૂરું એકાગ્ર હોવું જોઈએ.'' શ્રી અરવિંદે પણ એક સાધકને એકાગ્રતાપૂર્વક કાર્ય કરવા અંગે માર્ગદર્શન આપતાં કહ્યું હતું કે ''તમારા મનને શક્ય તેટલું નીરવ કરો. એ નીરવ મનથી ઉપરના પ્રદેશ વિષે સભાન બનો. જો તમે તેમાં સફળ થશો, અને તે સ્થિતિમાંથી કાર્ય કરી શકો તો તે પૂર્ણ બનશે.'' શાંત અને નીરવ મનમાં જ ઊર્ધ્વમાંથી આવતી દિવ્ય પ્રેરણાઓ ઝીલાય છે, અને એ પ્રેરણાઓ દ્વારા થતાં કાર્યો ઉત્તમ હોય છે.

આ રીતે કાર્યો કરવાથી મનુષ્યની એકાગ્રતાની શક્તિ વધે છે. તેથી કામ ઝડપી બને છે. વળી અર્પણરૂપે કાર્ય થતું હોઈને પરમાત્માનું સ્મરણ સતત રહે છે, તેથી તેમની દિવ્યચેતના સાથેનો સંપર્ક ગાઢ બનતો જાય છે અને પૂર્ણતાની ભાવનાથી થતું કર્મ મનુષ્યને પૂર્ણ પ્રત્યે લઈ જાય છે. આમ ધ્યાન દ્વારા જે પ્રાપ્ત થાય છે, તે કર્મ દ્વારા પણ પ્રાપ્ત થાય છે અને વળી કર્મ દ્વારા બાહ્ય પ્રકૃતિ પણ વિશુદ્ધ બનતી રહે છે. આથી જ કર્મ દ્વારા સાધનાથી ઝડપી આંતરિક વિકાસ અને બાહ્ય સંશુદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે.

# માતૃવાણી

- શ્રી માતાજી

## ધર્મનું સ્વરૂપ

### અવતરણો

(માતૃવાણી - ૩, પૃ. ૯૩-૧૦૦)

૧ આ અમુક માંદગી મને શા કારણથી આવી છે ? તો હું તમારી અંદર જોઈને તેનું કારણ કહી શકું પણ એનો (માંદગીનું નિશ્ચિત જ કારણ છે એવો) કોઈ સર્વ સામાન્ય નિયમ નથી. - પૃ.૯૩

૨ શારીરિક વ્યાધિઓ કાંઈ હંમેશા માનસિક અવ્યવસ્થા, વિસંવાદ કે અશુદ્ધ ગતિને આભારી હોતી નથી. - પૃ.૯૩

૩ સાધકની પ્રકૃતિનાં જે તત્ત્વો રૂપાંતર પામવા માટે તૈયાર હોય છે તેમનું રૂપાંતર એ શક્તિ વેગપૂર્વક કરે છે. - બીજા ભાગમાં એટલી જ ત્વરિત પ્રગતિ થાય નહિ તો પ્રકૃતિમાં એક પ્રકારનો વિસંવાદ પેદા થાય છે..... ત્યારે તે વ્યાધિનું રૂપ લઈ શકે છે. પૃ.૯૩-૯૪

૪ વ્યાધિનું મૂળ મનમાં પણ હોય, પ્રાણમાં પણ હોય યા તો ચેતનાના અન્ય કોઈ ભાગમાં પણ હોય. પૃ.૯૭

૫ શરીરના ઉપર તે અસર કરી શકે તે પહેલાં તેની આજુબાજુ રહેલું અને તેનું રક્ષણ કરનાર એક બીજું પડ હોય છે, તેના ઉપર તેણે પોતાની અસર પહોંચાડવી પડે છે. પૃ.૯૭

૬ એ નાડી-કવચ એક બાજુથી સ્થૂળ દ્રવ્યનાં તત્ત્વોનું..... બીજી બાજુએ આપણી માનસિક અવસ્થાનાં આંદોલનોનું બનેલું હોય છે. પૃ.૯૮

૭ બે માણસો વચ્ચે જે સ્વાભાવિક..... આકર્ષણ યા તો પ્રત્યાકર્ષણ જોવા મળે છે, તેની થોડી ઘણી સમજૂતી એ નાડીમય કોશના કાર્યમાં આપણને મળે છે.પૃ.૯૮

૮ આપણી સમગ્ર ચેતના..... વિરાટની આંતરગતિ સાથે કદમ મિલાવી..... શકે તો માંદગી આવે જ નહિ..... પૃ.૯૯

૯ વ્યાધિમાં જોખમનો નવદશાંશ ભાગ ભયમાંથી આવે છે. પૃ.૯૯

૧૦ એક વાર રસ્તો પસંદ કર્યો એટલે એ પસંદગીનાં બધાં પરિણામો તમારે હિંમતભેર સ્વીકારવાં જોઈએ. પૃ.૧૦૦

## **સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી, લોકો કહે છે કે બધા શારીરિક-રોગોનું મૂળ કારણ ક્યાંક માનસિક અવ્યવસ્થામાં હોય છે. તો અળાઈઓ અને અવાજ બેસી જવો આનું માનસિક નિશ્ચિત કારણ શું હશે ?

બેટા, એક જ માંદગીના એક જ વ્યકિતમાં જુદા જુદા પ્રસંગે જુદા જુદા કારણો હોય છે, તેથી આ કારણ અને આ રોગ એમ નિશ્ચિત યાદી આપણે ન જણાવી શકીએ. હું તો વ્યક્તિની અંદર ઝાંકીને તેનું વાસ્તવિક કારણ દર્શાવતી હોઉં છું.

બીજું, દરેક શારીરિક રોગનું માનસિક કારણ હોવું જ જોઈએ એવો કોઈ સિદ્ધાંત નથી. પણ અમુક કિસ્સામાં માનસિક કારણ હોઈ શકે છે. ચેપ લાગવાથી થતા રોગોનું માનસિક કારણ હોતું નથી, પણ મને રોગ થઈ ગયો છે એવી સ્વીકૃતિ તેને વધારી જરૂર મૂકે છે.

સાધનાને કારણે પણ રોગો થતાં હોય છે. તેના સર્વ સાધારણ ગ્રુપ કરીને થોડાંક નિશ્ચિત કારણો આપી શકાય.

સાધકમાં અવતરણ પામતી યોગશક્તિ સહન ન થવાથી શારીરિક ઈન્દ્રિયો કે ભાગો જ્યારે સંકોચાઈને પોતાને બચાવવા બધીર બની જાય છે ત્યારે તે ઈન્દ્રિયને રોગ લાગુ પડી જાય છે. આવી યોગશકિત પ્રથમ જે ભાગો સંમતિ આપે તેમનું તત્કાલિક રૂપાંતર કરવા માંડે છે. મન, પ્રાણને રૂપાંતરિત કરવા સહેલાં છે, પણ પાર્થિવ તત્ત્વની મર્યાદિત ક્ષમતાને કારણે રૂપાંતર સાધવું મુશ્કેલ અને મંદગતિથી થાય છે. શારીરિક તત્ત્વની અક્ષમતા સિવાય તેમાં વિરોધ કરવાની વૃત્તિ પણ હોય છે. જે છે તે યથાવત્ ટકાવી રાખવું એ શારીરિક તત્ત્વની ખાસિયત હોવાથી તે રૂપાંતરનો સ્વાભાવિક વિરોધ કરે છે. આને કારણે જે વિસંવાદ શારીરિક તત્ત્વમાં જ ઉત્પન્ન થાય છે તે રોગનું મૂળ સર્વસાધારણ કારણ છે. માનસિક કે પ્રાણમય વિસંવાદ પણ એલર્જી તરીકે, અળાઈઓ જેવી તાત્કાલિક પ્રતિક્રિયાઓ દ્વારા પ્રગટ થાય છે.

અંતઃકરણનાં જે ભાગો યોગ-શકિતને સ્વીકારે છે તેઓ રૂપાંતર સાધે છે. સમગ્ર બ્રહ્માંડ જ રૂપાંતરની પ્રક્રિયામાં મુકાએલું છે. આપણે યોગ-સ્વીકારીએ એટલે વિરાટની તે પ્રક્રિયા આપણા એકમમાં ઝડપી બને છે. યોગ-સાધનાથી રૂપાંતર ઝડપી થાય છે. દરેક ભાગે યોગ-શક્તિના પ્રભાવ નીચે પોતાની સંરચનાનો મૂળ સિદ્ધાંત બદલવાનો હોય છે. તે મુજબ પુનર્રચના કરવાની હોય છે અને તે દરમિયાન અનુકૂળ વૃત્તિ અને ભાવો ધારણ કરવાનાં હોય છે.

શરીરના બધા જ ભાગો સમાન રીતે આ પ્રક્રિયા અનુસરતા નથી. તેથી શરીરને

એકમ તરીકે જે સંઘટન જાળવવું પડે છે તેમાં મુશ્કેલી સર્જાય છે. તે વિસંવાદ અથવા રોગોનું મૂળ કારણ હોય છે. કારણ તે અવ્યવસ્થા સર્જે છે. અવ્યવસ્થા જ શારીરિક કક્ષાએ રોગ તરીકે પ્રગટ થાય છે.

સાધક યોગ-સાધના દરમિયાન આ સંતુલન અને સંઘટન જાળવવા સજાગ રીતે પ્રયત્ન કરે તો  આ આપત્તિ ટાળી શકાય છે. પણ આપણા સ્વરૂપનાં સ્થૂળ અને સૂક્ષ્મ સ્તરો પૂર્ણ રીતે કાયમી સ્વરૂપે સંવાદમાં રાખવા આજના તબક્કે મુશ્કેલ તો જરૂર છે. અને તેથી વિસંવાદ અને વિઘટન અંતે વિચ્છેદ અર્થાત્ મૃત્યુની ઘટના તરીકે પ્રગટ થાય છે.

યોગ સાધના દરમિયાન વિસંવાદ અને વિઘટનની ઘટનાઓ તીવ્ર રીતે જણાય છે, તેનાં બે કારણો છે :

૧ યોગ સાધનાથી સાધકની સંવેદનશીલતા અને સભાનતા વધવાથી શરીરમાંનો વિસંવાદ તેને જલદી અને તીવ્રતાથી ધ્યાનમાં આવે છે, અનુભવાય છે.

૨ અમુક ભાગોની રૂપાંતરની પ્રક્રિયા ઝડપી થવાથી સ્વરૂપનાં તત્ત્વો વચ્ચેનો નૈસર્ગિક તાળમેળ ભાંગી પડે છે, તેથી વિસંવાદ વધી જાય છે.

આ વિસંવાદ ઘટાડવા, તેને ફરી સંવાદમયતામાં લાવવા નિસર્ગે નીચેની વ્યવસ્થા ગોઠવેલી હોય છે :

૧ યોગ સાધના દરમિયાન સ્થગિતતાના ગાળા નિર્માણ કરવા જેથી શરીર તે કાળ દરમિયાન પોતાની સમતુલાને ઠીકઠાક કરી શકે.

૨ તે સ્થગિતતા ઉપરછલ્લી હોઈને યોગ-શક્તિ અંદર ઊંડે ઊતરીને પોતાના કાર્યનો પાયો મજબૂત અને વિશાલ કરવામાં પરોવાઈ જાય છે, તેથી બાહ્ય સ્તરે સ્થગિતતાનો આભાસ રચાય છે.

૩ સ્થગિતતામાં જ યોગ-શક્તિના પ્રભાવને પચાવવાની, સ્વીકારવાની, તેને અનુરૂપ નવરચના કરવાની પ્રક્રિયા ચાલતી હોય છે. તેથી તેટલા સમય પુરતું યોગ-શક્તિના અવતરણને રોકી રાખવામાં આવેલો હોય છે.

વ્યાધિ એ જે તે અંગની યોગ-શક્તિને પચાવવાની અક્ષમતાની નિશાની છે. આપણાં સૂક્ષ્મ શરીરમાં ચાલતી યોગ-પ્રક્રિયાનો પરિણામ કોઈ ને કોઈ શારીરિક ભાગ દ્વારા પ્રગટ થતો જ હોય છે. તે વ્યાધિના સ્વરૂપ ઉપરથી અને સ્થાન ઉપરથી સૂક્ષ્મ શરીરમાં ક્યાં યોગ-શક્તિ સંઘર્ષ કરી રહી છે અને તેમાં કયા સ્વરૂપનો અવરોધ આવી રહ્યો છે તે જાણી શકાય છે. તે અવરોધનું નિવારણ એ જ રોગ નિવારણનો ઉપાય હોય છે.

યોગ-શક્તિના દબાણ નીચે આપણા સ્વરૂપના ભાગો કચડાઈ ન જાય માટે યોગ-શક્તિને પરાણે પોતામાં ખેંચો નહીં. પરાણે ખેંચવાને 'કર્ષણ' કહે છે. તેથી આપણા શરીરનાં અવયવો યોગ-શક્તિના દબાણ નીચે અસ્વસ્થતા અનુભવે છે, જે તેમનાં સામાન્ય કાર્યમાં અવરોધ નિર્માણ કરે છે, જે અંતે વ્યાધિ તરીકે પ્રગટ થાય છે. માટે યોગ-શક્તિને સહજ રીતે પોતાની રીતે આપણા સ્વરૂપમાં અવતરણ કરવા દો. તે પોતે જ આપણા સ્વરૂપનાં ભાગોની ક્ષમતા અનુસાર જ અવતરણ પામે છે. પ્રભુ પોતે જ બધાનાં યોગક્ષેમનું વહન કરતાં હોય છે.

માતાજી, કેટલીક વ્યક્તિ પ્રભુ તરફ વળતા જ તેની પ્રિય વ્યક્તિઓ અને વસ્તુઓને તેનાથી હટાવી લેવામાં આવે છે. આમ શા માટે?

બધા માટે આવું બનતું નથી. પણ જેણે યોગ-કરવાનો નિશ્ચય કરેલો છે અને જેની નિયતિ પણ તે મુજબની જ છે, તેમને માટે આવું બનવાની શક્યતા છે. માનવમાત્રની આંતરિક સ્થિતિ અને અનુભવો સરખા જ હોય છે. કદાચ તેમની બાહ્ય અભિવ્યક્તિમાં શિક્ષણ, સંસ્કૃતિ, ધાર્મિક કલ્પનાને કારણે તફાવત પડી જાય. સહૃદયતા બધા સરખી રીતે જ અનુભવે છે. તેની અભિવ્યક્તિ કદાચ જુદી હોય.

તેમ માનવમાત્ર જે બાહ્ય આધારો પોતાને માટે ગોઠવે છે તે ટેવ સમાન જ દેખાય છે. તેને આશ્વાસનની જરૂર હોય છે. સંરક્ષણની ખાત્રીની જરૂર હોય છે. વિપત્તિમાં કોઈ પડખે રહે તેની જરૂર હોય છે. આ માગણી બધા જ માનવોની સમાન હોય છે. આવા બાહ્ય આધારોને કારણે માનવ પ્રભુ પ્રત્યે સર્વાંગપૂર્ણ સમર્પણ માટેની પરિસ્થિતિ સર્જવા આ બધું કરે છે. જો તમે તેવું સમર્પણ કરી દો તો તેવા આધારો ખસેડવાની જરૂરત જણાતી નથી.

પ્રભુને સમર્પણ એ યોગની પ્રાથમિક જરૂરિયાત છે. તેથી યોગ માટેના સંકલ્પ સાથે તેને પ્રાપ્ત કરવાનો પ્રથમ પ્રયત્ન સભાન રીતે કરવો જરૂરી છે. નહિં તો ઉપરની ઘટનાઓ બનવાની શરૂઆત થશે, જે અપ્રત્યક્ષ રીતે તમને સમર્પણ પ્રત્યે ધકેલવાનો પ્રયત્ન હોય છે.

બીજું, પ્રભુ બધા પ્રત્યે આત્મીયતા કેળવવાનો આગ્રહ રાખે છે, અમુક લોકો પ્રત્યે જ નહિં. તે માટે પણ આવી ઘટનાઓ બનતી હોય છે.

ચિત્તનાં ઊંડાણમાં આવી આત્મીયતા હાજર જ હોય છે. કારણ તે સર્વરૂપ પ્રભુની હાજરીનો જ એક પ્રકાર હોય છે. તેની સર્વવ્યાપીતાનો જ અપ્રત્યક્ષ પુરાવો અને પ્રગટીકરણ હોય છે.

# ગીતાનિબંધો

- શ્રી અરવિંદ

## વિભૂતિ : પ્રભુની આવિર્ભાવ શક્તિ

**અવતરણો** - (ભા.૨ - પ્રકરણ - ૫) (પૃ.૪૨૪-૪૪૮)

૧ અધોમુખ પ્રકૃતિમાંથી અંતરાત્માને છૂટો પાડવા માટે સાંખ્ય દર્શનનો એ સમન્વય સ્વીકાર કરવામાં આવ્યો છે. પૃ.૪૨૪

૨ (પ્રાકૃતિક વ્યક્તિત્વ) તેના વિલય કરવા માટે ઉપયોગી એવું દાર્શનિક વેદાંત પણ એ સમન્વયમાં રહેલ છે. પૃ.૪૨૪

૩ સમગ્ર અંતકરણ - સંકલ્પ, બુદ્ધિ, ભાવ વગેરે પ્રકૃતિના સ્વામી પ્રભુને સમર્પણ કરવું આવશ્યક છે. એટલા માટે એ સમન્વયમાં યોગનો સમાવેશ કરવામાં આવ્યો છે. પૃ.૪૨૫

૪ સ્થિર સ્થાયી અનિર્વચનીય એવી આધ્યાત્મિક અનુભૂતિની માગણી માનવ - આત્મામાં રહે છે. પૃ.૪૨૭

૫ પ્રભુ અનંત છે અને એનો આવિર્ભાવ (વિભૂતિ) પણ અનંત છે. પૃ.૪૩૦

૬ પરમાત્માની આવિર્ભાવ કરવાની શક્તિમાંની અનંત કાલરૂપ થવાની શક્તિ સૌથી આગળ પડતી છે. પૃ.૪૩૨

૭ (મુક્ત થએલા માનવ) એની આજુબાજુ જે કાંઈ આવેલું હશે તે સર્વને તે એક દિવ્ય-સત્‌ના..... સ્વરૂપો અને શક્તિઓ તરીકે જોશે. પૃ.૪૩૭

૮ પ્રભુનું તથા જગતનું આધ્યાત્મિક દર્શન... એ વસ્તુ તો પ્રત્યક્ષ અનુભૂતિ છે. પૃ.૪૩૯

૯ આધ્યાત્મિક ચેતના તાદાત્મ્ય વડે ઈશ્વરનું જે જ્ઞાન મેળવે છે તે કેટલાએ ગણું વધારે વાસ્તવિક હોય છે. પૃ.૪૩૯

૧૦ એ અદ્વૈત એવું હોય છે કે તે વિવિધતાને છૂટથી સ્વીકારે છે. વિવિધ સંબંધોને પણ આવકારે છે. પૃ.૪૪૦

૧૧ ધર્મ એટલે સત્‌ માં રહેલ નિયમો. પૃ.૪૪૧

૧૨ પરંતુ આપણે જે વિશ્વમાં જીવી રહ્યાં છીએ તેમાં.... પોતાનો આવિર્ભાવ કરવાને આગળ આવનાર પ્રત્યેક શક્તિ, પ્રત્યેક ગુણ કેવળ પોતાના જ ઉદ્દેશને ખાતર પ્રયત્ન કરતા દેખાય છે. પૃ.૪૪૧

૧૩ પરાપ્રકૃતિમાં પ્રભુનો આવિર્ભાવ એ જીવ છે, (પરા પ્રકૃતિ જીવભૂતા.) પૃ.૪૪૩

૧૪ સ્વભાવ એટલે આત્માના આવિર્ભાવનો નિયમ

૧૫ પોતાનું કાર્ય પ્રભુના કાર્ય તરીકે સચેતનપણે કરવાની શક્તિ એણે (અર્જુને) પ્રાપ્ત કરવી જોઈએ. પૃ.૪૪૮

૧૬ સર્જન અને સંહારની ક્રિયા કરનાર કાલને અર્જુને પ્રભુના ગતિમાન સ્વરૂપ તરીકે જોવાનું છે. પૃ.૪૪૮

## **સમજૂતી** - માનસિંહ ચાવડા

ભગવાન શ્રીકૃષ્ણ બધી જ યોગ-ધારાઓનો સમન્વય કરીને આગળ વધે છે. દા.ત.

૧ તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રનો સમન્વય તો શ્રીકૃષ્ણ ડગલે ને પગલે કરે છે. લોક સંગ્રહની કલ્પના અને નૈતિકતાને સ્વીકારે છે.

૨ માનવી પ્રાકૃતિક અજ્ઞાનમય સ્વરૂપને વિલય કરવાનું વેદાંતના આદર્શને અનુસરે છે.

૩ અંતઃકરણના પાસા સ્વરૂપ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારને પ્રભુને સમર્પિત કરવાનું કહી પંતજલ યોગ-સૂત્રનો ઈશ્વર પ્રણિધાનયોગ સ્વીકારી સમન્વય કરે છે. સાથેસાથે પ્રાણાયામને પણ સાધન ગણે છે.

૪ ઉપનિષદોની સાધના પદ્ધતિ - આત્માને આત્માથી ઓળખી સ્વીકારે છે - આત્મના આત્માનં વેત્થ (૧૦.૧)

૫ પ્રભુની અનિવર્ચનીયતા સ્વીકારી અજ્ઞેયવાદ પણ સ્વીકારે છે (નહિ તે ભગવન્ વ્યક્તિં વિદુર્દેવા ન દાનવાઃ) (૧૦.૧૪)

૬ ભક્તિમાર્ગ મુજબ પ્રભુને જગતપિતા, જગતનો સંચાલક અને ભૂતમાત્ર બનેલો સ્વીકારે છે (ભૂતભાવન ભૂતેશ દેવદેવ જગત્પતે - ૧૦.૧૫) અને તે વ્યકિતસ્વરૂપે, વિભૂતિ સ્વરૂપે પ્રગટ થાય છે, એમ માને છે (યાભિર્વિભૂતિભિર્લોકાન્ ઈમાં ત્વં વ્યાપ્ય તિષ્ઠસિ - ૧૦.૧૬)

ગીતા સમન્વયનો માર્ગ એ માટે સ્વીકારે છે કે આ બધા જ મૂળ સત્યના વિવિધ પાસાની વિભિન્ન અભિવ્યક્તિ માત્ર છે. અંતિમ આદિ - સત્ય તો એક જ છે. અર્જુન પણ શ્રીકૃષ્ણને તે મુજબ તેમની આત્મતત્ત્વની દિવ્યવિભૂતિઓ બાબતમાં જ પૂછે છે (દિવ્યાધ્યાત્મવિભૂતયઃ ૧૦.૧૬) ઉપરોક્ત બધી અનુભૂતિઓ માટેની માનસિક તૈયારી સ્વરૂપ સમજણો એ તો પ્રાથમિક પ્રયાસમાત્ર હોય છે. નક્કર અનુભૂતિ એ કોઈ અલગ જ વસ્તુ છે.

હવે શ્રીકૃષ્ણ આવી નક્કર અનુભૂતિ પ્રાપ્ત કરવાનો માર્ગ દર્શાવે છે. તેઓ જણાવે છે કે પ્રભુ પોતે અનંત હોવાથી તેના આવિર્ભાવ સ્વરૂપ વિભૂતિઓ પણ અનંત જ હશે (નાસ્તિ અંતો વિસ્તરસ્ય મે - ૧૦.૧૯) પુરુષોત્તમ પોતે તો અજ અને વિભૂ છે. સનાતન કાળનો અખંડ વહેતો પ્રવાહ એ પ્રભુની જ વિભૂતિ છે (અહમેવ અક્ષયઃ કાલઃ -

૧૦.૩૩) આવી રીતે સમગ્ર વિશ્વના સત્યને પ્રગટ કરતી અનંત વિભૂતિઓની ધારક પુરુષોત્તમ ચેતના છે (ધાતાऽहं વિશ્વતોમુખઃ - ૧૦.૩૩) જગતમાં શુભ અશુભ અનેક વસ્તુઓ છે પણ દિવ્ય-ચેતનામાં આવા ભેદો નથી. તેથી સર્વેનો નાશ કરનાર મૃત્યુ પણ પુરુષોત્તમની ચેતના બની જાય છે (અહં મૃત્યુઃ સર્વહરઃ - ૧૦.૩૪) જે કાંઈ વિશ્વમાં વિશેષ સ્વરૂપે પ્રગટ થયું છે તેની દ્વારા આત્મપ્રભા, આત્માનો પ્રકાશ વધારે પ્રખર રીતે પ્રગટ થતો હોય છે.

વિભૂતિ પ્રગટ થવાની પ્રક્રિયા શું છે તે સમજી લેવાની જરૂર છે. માનવમાં પુરુષોત્તમ ચેતનાનું આવિર્ભાવ કેન્દ્ર સ્વરૂપ ચૈત્યપુરુષ રહેલો છે. જો યોગી પુરુષોત્તમ-ચેતના સાથે યોગ-સાધના દ્વારા સંપર્કમાં આવે તો પુરુષોત્તમનાં દિવ્ય-શક્તિનાં પ્રવાહો તે યોગીની અધોપ્રકૃતિને પાવન કરતાં નીચે ઉતરી પડે છે. આ જ ગંગાવતરણનું યોગિક રહસ્ય છે. અને અવતરણ થતાં જ તે મન, પ્રાણ, શરીરરૂપી આધાર દ્વારા પ્રગટ થવા જે પ્રયત્ન કરે છે તેમાંથી જ વિભૂતિની ઘટના રચાય છે.

આ ઘટના વાસ્તવિક બને ત્યાં સુધી પુરુષોત્તમ ચેતના પાર્શ્વભૂમિમાં રહીને અપ્રત્યક્ષ રીતે આ આધાર ઉપર કામ તો કરતી જ હોય છે, પણ તે કામ માનવને સ્વાભાવિક લાગવાથી ધ્યાન બહાર રહી જાય છે. પણ માનવમાં ન દેખાતી એવી અપવાદાત્મક ક્ષમતા જ તેનું ધ્યાન ખેંચે છે, જેને તે વિભૂતિ કહે છે. ખરેખર તો સજીવ કે નિર્જીવ બધાં પુરુષોત્તમની વિભૂતિ સ્વરૂપ જ હોય છે. દરેક વિભૂતિમાં જગતની ઉત્પત્તિનું રહસ્ય છુપાએલું જ હોય છે. જ્યાં તે વધારે ચમત્કારિક રીતે પ્રગટ થાય છે, તેને જ આપણે નોંધીએ છીએ. ખરેખર તો વસ્તુમાત્ર પુરુષોત્તમ ચેતનાનાં વિસ્તારમાં જ ગતિ કરીને વિકાસ સાધતી હોય છે. (મયિવર્તતે) પણ કોઈ વસ્તુ પુરુષોત્તમ-ચેતનાને સર્વાંગપૂર્ણ રીતે પ્રગટ કરવાની ક્ષમતા ધરાવતી નથી. તે એક કે અનેક પાસાઓને જ પોતામાં પોતાની પ્રકૃતિ અનુસાર પ્રગટ કરી શકે છે. તેની પ્રકૃતિની મર્યાદાઓનું આ પરિણામ છે.

આપણી પ્રકૃતિની ચંચળતા અને અશુદ્ધતા નાશ પામતા પ્રથમ આપણામાં રહેલ સક્રિય સત્યનો આપણને સાક્ષાત્કાર થાય છે, જેને ક્ષરપુરુષ કહેવામાં આવે છે. ચંચળતા જ્યારે પૂરેપૂરી બંધ થઈ જતા આ ક્ષરપુરુષની પાછળ રહેલ અક્ષર-પુરુષનો અનુભવ આવવા માંડે છે. અક્ષર પુરુષ પ્રભુના દિવ્ય-સંકલ્પો જે આત્માનાં આંદોલનો સ્વરૂપ હોય છે, તેને નીચે આધારમાં ઉતરાવવાની ક્ષમતા ધરાવે છે. તે આંદોલનો - છંદોને નીચે અવતરણ કરવાનું માધ્યમ પૂરું પાડે છે અને અંતે તેમનું રૂપાંતર દિવ્યવિચાર,

દિવ્યભાવના અને દિવ્ય-કર્મમાં કરી આપે છે, જે અંતે જીવન દ્વારા પ્રગટ થાય છે અને દિવ્ય-કર્મો સ્વરૂપે પ્રગટ થાય છે.

આ દિવ્ય-માધ્યમ સ્વરૂપ અક્ષર પુરુષના સ્તરને પણ વટાવી યોગીની ચેતના પુરુષોત્તમ ચેતનાને સ્પર્શે છે. આવો ઠેઠ ભૌતિક શરીર સુધીનો માર્ગ કંડારાયા બાદ તે જ માર્ગે પુરુષોત્તમ-ચેતનાના પ્રવાહો નીચે વહી આવે છે અને વિભૂતિની ઘટના રચે છે, તેથી તે વિભૂતિઓ પુરુષોત્તમ-ચેતનાની જ હોય છે તેથી ગીતા તેને 'આત્મ-વિભૂતિ' કહે છે. પ્રકૃતિમાં એ ક્ષમતા છે જે વિભૂતિઓમાં વિવિધતા લાવે છે.

આ જે પુરુષોત્તમ - ચેતનાનાં પ્રવાહો નીચે ઉતરે છે તે પરાપ્રકૃતિમાં રહેલ જ્ઞાન, શક્તિ, પ્રેમ અને આનંદ સ્વરૂપનાં હોય છે. અને તે વિવિધ સ્વરૂપોમાં એક પ્રકારની પૂર્ણ સંવાદમયતા હોય છે. એકતા ઉપર વધારે ઝોક હોય છે. ભિન્નતા અથવા વિવિધતા ઉપર નહિ. પણ જેમ જેમ તે પ્રવાહો નીચે ઉતરતા જાય છે તેમ તેમ એકતાનો ઝોક ઘટીને વિવિધતા અને ભિન્નતાનો ઝોક રચાય છે. ભૌતિક વિશ્વમાં તો તદ્દન ભિન્નતા અને અલગતાનો ભાવ આવી જાય છે અને તેથી ત્યાં દિવ્યતા અલોપ થતી લાગે છે. જ્યાં આત્મ-શક્તિ પ્રભાવી રીતે એકતા સ્થાપન કરે છે ત્યાં જ વધારે દિવ્યતા પ્રગટ થાય છે.

પુરુષોત્તમ ચેતના પરાપ્રકૃતિમાં જીવ તરીકે પ્રગટ થાય છે. ચૈત્યપુરુષનું રૂપ લે છે. (પરાપ્રકૃતિર્જીવભૂતા) તે ચૈત્યપુરુષ જ આ આવિર્ભાવ પ્રક્રિયાને પોતાની વિશિષ્ઠતા મુજબ ઘાટ આપવાનું કામ કરે છે. આ વિશિષ્ઠતા, ખાસિયત એ જ 'સ્વભાવ' છે. ચૈત્યપુરુષના વલણ સ્વરૂપ તે હોય છે. આ સ્વભાવ મુજબ જ ચૈત્યપુરુષને પોતે પ્રયત્ન કરવાની ટેવ હોય છે. આવી ટેવ એ જ તેનો 'સ્વધર્મ' હોય છે અને તેમાં રહીને જ ચૈત્યપુરુષ અપરાપ્રકૃતિની ગૂંચો અને ગ્રંથીઓને ઉકેલે છે જે આપણને નબળાઈઓ, પૂર્વગ્રહો વગેરે સ્વરૂપે અનુભવાય છે. આ ગૂંચોમાંથી જ અહંકાર રચાય છે અને અહંકાર જ પછી આવી ગૂંચોને વધારે મજબૂત બનાવે છે. તેથી આવી ગૂંચોમાંથી છુટકારો મેળવવો, અહંકારમાંથી મુક્ત થવું એ જ ગુણાતીત થવાનો માર્ગ છે. આ જ ઊર્ધ્વારોહણનો પથ છે અને દિવ્ય-પૂર્ણતા પ્રાપ્ત કરવાનો તે માર્ગ બની જાય છે. દિવ્યપૂર્ણતા વિવિધ દૈવી-ગુણો મારફત પ્રગટ થાય છે. તેમાં જ્ઞાન, સંકલ્પબળ, પ્રેમ, વિશુદ્ધભાવ, મધુરતા, સૌંદર્ય આ પ્રકારનાં ગુણ-વિશેષ મહત્ત્વનાં છે. આ બધાં દિવ્યશક્તિ સ્વરૂપ જ હોય છે. ખરેખર તો આ સમગ્ર જગત દિવ્ય-શક્તિઓનાં ખેલ સ્વરૂપ જ છે. આ શક્તિઓને કારણે જ પુરુષોત્તમ ચેતનાના વિવિધ ચેતના-સ્તરો

રચાતા દેખાય છે. વિભૂતિઓ આવા ચેતનાના સ્તરો પૈકી  એક કે અનેકમાં રહેતી હોય છે, તે તેની ખાસિયતને કારણે જ તેની વિશિષ્ઠતા રચાય છે.

આવી અનંત વિભૂતિઓનો ભૂતકાળની અને વર્તમાનકાળની, ઉલ્લેખ શ્રીકૃષ્ણ કરે છે. તે પૈકી એક વિભૂતિ પોતે અર્જુન જ છે (પાંડવાનાં ધનંજય:)

અર્જુન એક મહાન કાર્ય પાર પાડવા વિભૂતિ તરીકે જન્મ્યો છે પણ તેને પોતાનાં વિભૂતિપણાનો ખ્યાલ નથી. પોતાનું 'નિયતં-કર્મ' તેને ખબર નથી.

ગીતાનો પ્રસંગ વિશેષ સ્વરૂપનો એ માટે છે કે અહીં અવતાર અને વિભૂતિ બન્ને સાથે મળીને ધર્મની ગ્લાનિને હટાવવા ઝઝુમી રહ્યાં છે. તફાવત એટલો જ છે કે આ દિવ્ય જન્મકર્મની જાણ શ્રીકૃષ્ણને છે, અર્જુનને નથી.

આ વિભૂતિ યોગને સમજાવવાના બહાને શ્રીકૃષ્ણ તેને પોતાનાં વિભૂતિ-કાર્ય બાબત સભાન બનાવે છે. ગીતાનાં અંતિમ શ્લોકમાં પણ આ અવતાર અને વિભૂતિના સંયોગથી શું પરિણામ આવશે તેનો સ્પષ્ટ ઉલ્લેખ શ્રીકૃષ્ણે કરેલ છે. (તત્ર શ્રી, વિજયો ભૂતિ:) દૈવી-શક્તિઓનું પ્રાગટ્ય એ 'શ્રી' છે. ઉત્ક્રાંતિની (ધર્મની) ગ્લાનિ હટી જવી એ વિજય છે અને ઉત્ક્રાંતિના નવા તબક્કા ને વાસ્તવિક બનાવવો એ 'ભૂતિ:' છે.

આ શ્લોક દ્વારા શ્રીકૃષ્ણ વિભૂતિના જન્મ હેતુ બાબત સ્પષ્ટતા કરતા દેખાય છે.

યોગીએ વિભૂતિઓમાંથી પ્રેરણા લેવાની છે. પોતાની સાધનાને દૃઢ કરવાની છે.

આ મદદ નીચે મુજબની હોય છે :

૧ વિભૂતિઓ પ્રેરણાસ્રોત બને છે.

૨ પુરુષોત્તમ ચેતનાના વિવિધ પ્રકારના આવિર્ભાવની સમજણ મળે છે.

૩ પુરુષોત્તમ-ચેતનાના આવિર્ભાવ-ક્ષમતાની શક્યતા બાબત ખાતરી થાય છે.

૪ પ્રાણીમાત્રને પ્રભુની વિભૂતિ તરીકે જોવાની આત્મદૃષ્ટિ ખીલે છે.

૫ પ્રભુના આપણી બાબતનાં સંકલ્પ બાબત સભાનતા કેળવાય છે.

૬ યોગસ્થ ચેતનામાં રહી કર્મ કરવાની સમજણ કેળવાય છે (યોગસ્થકુરૂ કર્માણિ)

૭ ભક્તિ-ભાવને વિભૂતિઓ આધારભૂત બને છે, તેઓ મૂર્તિનું કામ સારે છે.

૮ પ્રભુ પાસેથી પ્રેરણા મેળવવાની પદ્ધતિ વિભૂતિઓમાં હોય છે, તેની સમજણ કેળવાય છે.

વિભૂતિયોગ એ યોગનું જ અંગ છે.

# માનવવિકાસ ચક્ર

- શ્રી અરવિંદ

પુસ્તક પરિચય - **શ્રી કે.કે.ખખ્ખર**

**(લેખ ક્રમાંક - ૭)**

## જીવનના આત્મલક્ષી અને વસ્તુલક્ષી દૃષ્ટિબિન્દુઓ

શ્રી અરવિંદે વ્યક્તિવાદી યુગના મહત્ત્વના લક્ષણ તરીકે આત્મલક્ષીતા (સબ્જેક્ટીવીટી)ની આપેલી સમજૂતી આ પહેલાં આપણે જોઈ ગયા છીએ. તેમણે આત્મલક્ષીતાને 'ખરી' અને 'ભ્રામક' એમ બે સ્વરૂપમાં વિભાજિત કરીને સમજાવી છે. શ્રી અરવિંદે માનવવિકાસ ચક્ર ગ્રંથમાં જે ભાવિ આધ્યાત્મિક સમાજની રચના વિષે કલ્પના રજૂ કરી છે તેની પૂર્વશરત છે વ્યક્તિની ખરી આત્મલક્ષીતાનો વિકાસ. ભ્રામક આત્મલક્ષીતા વ્યક્તિના અહંકાર સાથે જોડાએલી છે. આથી તે આધ્યાત્મિક સમાજની રચનાનો આધાર બની શકે નહીં, તે સ્વાભાવિક છે. શ્રી અરવિંદના ભાવિ-કથન અનુસાર આધ્યાત્મિક સમાજનો પાયો માનવ-એકતાનો બનેલો છે. માનવવિકાસ ચક્ર ગ્રંથમાં શ્રી અરવિંદે મનુષ્યના આંતરિક અને બાહ્ય જીવન વચ્ચેની અને વ્યક્તિ - વ્યક્તિ વચ્ચેના ઐક્યની સમજૂતી જીવનના આત્મલક્ષી દૃષ્ટિબિંદુઓની મદદથી આપી છે. આથી જીવનના આ બન્ને દૃષ્ટિબિંદુઓની ટૂંકમાં ચર્ચા અપેક્ષિત છે.

આ પહેલાં માનવવિકાસના તર્ક અને વ્યક્વિાદી યુગ અંગે શ્રી અરવિંદે કરેલી ચર્ચામાં એમ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે વ્યક્તિવાદ માનવ સ્વાતંત્ર્યને પ્રાથમિક માન્યતા આપે છે. તે વ્યક્તિના અલાયદા અસ્તિત્ત્વને સ્વીકારે છે અને તે અનુસાર વ્યક્તિ પોતાના જીવનની ભૌતિક, માનસિક અને ભાવનાગત જરૂરિયાતો પૂરી કરવા અને જીવનનો વિકાસ પોતાની ઈચ્છાનુસાર કરવા સ્વતંત્ર છે.

પરંતુ, શ્રી અરવિંદ જણાવે છે તેમ, વ્યક્તિવાદની એક મહત્ત્વની શરત એ પણ છે કે વ્યક્તિએ અન્યના સ્વાતંત્ર્યને સ્વીકારવાનું રહે છે. જો કોઈ પણ વ્યક્તિ પોતાના સ્વાતંત્ર્યને અબાધિત ગણતી હોય તો તેણે અન્ય વ્યક્તિના સ્વાતંત્ર્યને અબાધિતપણે સ્વીકારવું અપેક્ષિત છે. આથી જ વ્યક્તિના અધિકારો સાથે તેની ફરજો, સ્વાતંત્ર્ય સાથે નિયમો અને છૂટછાટો સાથે પ્રતિબંધો અભિન્નપણે જોડાયેલ રહે છે.

અલબત્ત શ્રી અરવિંદ વ્યક્તિગત અહંકાર કે વ્યક્તિની ભ્રામક આત્મલક્ષીતા તરફ લાલબત્તી ધરે છે અને કહે છે કે વ્યક્તિ અવારનવાર અહંકાર પ્રેરિત વર્તણૂક કરે છે અને અન્યને પોતાની સત્તા, જોહુકમી કે આણ નીચે દબાવવા પ્રયાસ કરે છે. સાથોસાથ શ્રી અરવિંદ ચેતવણી ઉચચારે છે કે આવું જ અહંકારપ્રેરિત વર્તન સામેની વ્યક્તિ પણ કરી શકે છે. આથી વ્યક્તિગત અહંકારથી પીડાતા લોકો વચ્ચે ઘર્ષણો પેદા થાય છે અને તેની

હારમાળા ચાલ્યા કરે છે.

શ્રી અરવિંદ માનવ એકતા સામે પડકાર સમાન અહંકાર પ્રેરિત વ્યક્તિવાદ કે ભ્રામક આત્મલક્ષીતાથી સર્જાતા સંઘર્ષોના નિવારણ માટે એવી સલાહ આપે છે કે દરેકે પોતાની આત્મલક્ષીતા તરફનું દૃષ્ટિબિંદુ ચકાસી લેવું જોઈએ. જો વ્યક્તિ તેની આત્મલક્ષીતાને વસ્તુલક્ષી ધોરણે ચકાસી શકે તો વ્યક્તિના આંતરિક અને બાહ્ય જીવન વચ્ચે તથા વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના સંબંધોમાં તાલમેળ અને સંવાદગતિ સ્થાપી શકાય.

શ્રી અરવિંદ માનવ એકતા માટે અનિવાર્ય સંઘર્ષ નિવારણની ગુરુચાવી અત્યંત વૈજ્ઞાનિક ઢબે શોધી આપે છે. તેઓ આશ્વાસન આપતાં જણાવે છે કે વ્યક્તિએ તેની આત્મલક્ષીતાને વસ્તુલક્ષી ઢબે તપાસવા માટે કોઈ જ વધારાનાં સાધનો કે પ્રયાસો કામે લગાડવાની જરૂર નથી. આ માટેનું મહત્ત્વનું કારણ એ છે કે આત્મલક્ષીતા અને વસ્તુલક્ષીતાની મૂળભૂત સામગ્રી એક જ છે. જે રીતે વસ્તુલક્ષી વિજ્ઞાન અવલોકનો, પ્રયોગો અને વિશ્લેષણાત્મક તર્કનો ઉપયોગ કરીને કોઈપણ વસ્તુ, બનાવ કે ઘટનાના મૂળ સત્ય સુધી પહોંચી શકે છે, તે જ રીતે વ્યક્તિ પોતાની આત્મલક્ષીતાના પ્રદેશમાંથી બહાર નીકળીને વસ્તુલક્ષી વિજ્ઞાનના જે કંઈ નીતિ-નિયમો, તર્કો અને પ્રવિધિઓ છે તેનું અનુસરણ કરીને પોતાના વ્યક્તિગત અહંકાર, રાગદ્વેષ, વિરોધાભાસો અને સંઘર્ષોના તાણા-વાણા છૂટા પાડી શકે છે અને પોતાની આત્મલક્ષીતાના વૈજ્ઞાનિક પ્રકાશમાં યથાર્થરૂપમાં ઓળખી કાઢી શકે છે. એક વખત વ્યક્તિના આંતરિક અને બાહ્ય જીવન, એક વ્યક્તિ અને બીજી વ્યક્તિ કે વ્યક્તિ અને સમાજ વચ્ચેના સંઘર્ષનું યથાર્થ નિદાન થઈ જાય તો પછી સંઘર્ષ - નિવારણના ઉપચારો આપોઆપ હાથવગા બની જાય છે.

શ્રી અરવિંદ વ્યક્તિ અને સમાજ વચ્ચેની સંવાદગતિને જીવ વિજ્ઞાનના મૂળભૂત સત્યો સાથે જોડીને તે કૂદરતી પ્રક્રિયાનો એક હિસ્સો હોવાનું સમજાવે છે. તેઓ જણાવે છે કે જીવ વિજ્ઞાને માત્ર એ સત્ય જ નથી શોધી કાઢ્યું કે પ્રત્યેક જીવ અન્યના ભોગે પોતાનો વિકાસ સાધવા સતત સંઘર્ષ કરે છે (ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદનો નિયમ) પરંતુ જીવવિજ્ઞાને એવું સત્ય પણ શોધી કાઢ્યું છે કે પ્રત્યેકનું જીવન અન્યોન્ય સહકારથી ઉત્તમ રીતે સુરક્ષિત બને છે. કુદરત માત્ર એકલ-દોકલ જીવને જ નહીં પરંતુ જે તે પ્રજાતિને સુરક્ષિતપણે જાળવી રાખવા ઈચ્છે છે. આથી જ વ્યક્તિએ તેના જેવા સૌને માટે અને સર્વને આધિન રહીને માનવજાતિના કાર્યદક્ષ વિકાસ માટે, જરૂર પડયે, ભોગ આપવા પણ તત્પર રહેવું પડે છે. વ્યક્તિ માત્ર પોતાની અંગત જરૂરિયાતોની પૂર્તિ માટે અન્ય પાસેથી ભોગની સતત અપેક્ષા રાખી શકે નહીં. વ્યક્તિએ પોતાની બહાર જઈને સમગ્ર સમુદાયના સામૂહિક-સંકલ્પ અને તર્ક આધારિત નિયમોને પોતાના રોજિંદા વર્તન પર અસર પાડવા કે નિયંત્રિત કરવાની અનુમતિ આપવાની રહે છે. વ્યક્તિ માટે આમ કરવું સહજ અને કુદરતી બનવું જોઈએ, કારણ કે તે કુદરતનો કાનૂન છે.

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

Savitri - B-1, C-3, P-32-33

## સ્વયંપ્રકાશિત ચેતના

પ્રકરણ - ૮૬

અશ્વપતિએ પેલી અચલ - ચેતનામાં પ્રવેશ કરતાં જ જગતનાં બધા ઉધામા તેને શાંત થતા લાગ્યા. જાણે નિરાંતની પળ આવી પહોંચી હોય એવું અશ્વપતિને લાગતું હતું. આ સાંસારિક જીવનમાં જે સતત કાંઈક મેળવવાની, કાંઈક શોધવાની ટેવ હતી તે ટેવ પણ જાણે વિરમી ગઈ હતી. તેથી જે સાંસારિક સુખદુખો અનુભવાતા હતાં તે પણ બંધ થઈ ગયાં હતાં. જીવનના પ્રવાહમાંનો ખળભળાટ શમી ગયો હતો અને જીવન એકધાર્યું વહી રહ્યું હતું. - શાંતિથી અને સ્તબ્ધતાથી. સર્વત્ર આંતરબાહ્ય જાણે મૌનનું અખંડ, અતૂટ સામ્રાજ્ય સ્થપાઈ ગયું હોય એવું લાગતું હતું. સમગ્ર નિસર્ગનો તાણ પ્રભુની શાંતિમાં વિરમી ગયો હતો.

શ્રી અરવિંદ લખે છે કે

A leisure in the labour of the worlds.
A pause in the joy and anguish of the search.
Resorted the stress of Nature to God's calm.
A vast unananimity ended life's debate.

આ અચલ - બ્રહ્મમાં કોઈ ભેદભાવ નહોતો. કોઈ તફાવત નહોતો. બધું જ એક રસ બની ગયું હતું. તેથી ત્યાં જીવનની વિષમતા નહોતી. તેનો વિવાદ કે વિસંવાદ નહોતો. તે અચલ-ચેતનાની સમથળતામાં આ બધા જ જીવનમાંના વિસંવાદો સપાટ થઈ ગયાં હતાં.

જીવનમાં જે સંઘર્ષ જાગે છે, તે તે વિચાર-ભેદને કારણે. વિચાર-ભેદ અને મન-ભેદ ભાવનાઓમાં ઉગ્રતા લાવે છે. ભાવનીક ઉદ્રેક ઝગડો કરાવે છે અથવા મોટા પ્રમાણમાં યુદ્ધો, વિગ્રહ, ક્રાંતિ જગાડે છે. જગતનાં બધા જ સંઘર્ષો મન-ભેદને કારણે થાય છે. જ્યાં મન મળેલાં હોય છે ત્યાં સહકાર અને પ્રેમ પનપે છે. મન-ભેદમાં લડાઈ ઝગડા, ખૂન - ખરાબા....

ભૌતિક જગતમાં જે આ મતભેદને કારણે જે સંઘર્ષ જન્મે છે તે ખરેખર તો સૂક્ષ્મ જગતમાં થતી વૈશ્વિક-શક્તિઓની અથડામણના કારણે. સૂક્ષ્મ-જગતમાં બે વિશ્વ

શક્તિઓ કોઈ પરિણામ લાવવા સામસામે આવી જાય છે અને અન્ય વિશ્વ-શક્તિઓ તે પૈકી એકના પડખે ચડે છે અને આમ એક વિશ્વ-શક્તિઓનો સમૂહ-બીજા વિશ્વ-શક્તિઓના સમૂહ સામે જંગ છેડે છે. બન્ને પોતપોતાનો પ્રભાવ પાડવા માગતા હોય છે. માથાભારે થઈ પોતાની ઈચ્છા મુજબનાં પરિણામો લાવવા ઈચ્છે છે. આ બધી જ કક્ષાએ થઈ રહ્યું છે. ભૌતિક કક્ષાથી માંડી, પ્રાણમય, મનોમય કક્ષાનાં છેક અધિમનસ સુધી. અધિમનસ એટલે દેવ-લોક સુધી. ત્યાં પણ દેવાસુર સંગ્રામ છે જ. શ્રી અરવિંદ ભૌતિક સ્તરનો દાખલો આપે છે. રાત્રે પ્રકાશ આપતાં તારાઓનો પ્રકાશ શાના કારણે છે તો તે તે તારાઓમાં પણ વિવિધ મૂલ દ્રવ્યો રૂપ ગેસનાં પરમાણુઓને આ વિશ્વ-શક્તિઓ સંચાલિત કરીને અથડામણ સર્જે છે, જે રાસાયણિક પ્રક્રિયા કે સંયોજન સ્વરૂપ ભાસે છે અને તેની આડઅસર તરીકે તાપમાન વધીને તારાઓ પ્રકાશિત થતા હોય છે. શ્રી અરવિંદ લખે છે કે

The war of thoughts that fathers the universe.
A class of forces struggling to prevail
In the tremendous shock that lights a star

શ્રી અરવિન્દ આ સંઘર્ષ કેટલાં અણુનાં સૂક્ષ્મ સ્થરે થઈ રહ્યો છે તેનાં દાખલા આપી રહ્યાં છે. ભૌતિક પદાર્થના એક કણને બાંધવામાં કેટલાં દ્રવ્યોએ-રસાયણોએ, ક્ષારો અને ખનીજોએ અને તેની પાછળ રહી વિશ્વ-શક્તિઓએ પોતાનું  યુદ્ધ ખેલ્યું હશે તેની કલ્પના કરી જુવો. શ્રી અરવિંદ પૂછે છે કે તે ભૌતિક કણમાં રહેલ ન્યુટ્રોન અને ઈલેકટ્રોન પોતાની ધરી ઉપર ફરતાં ફરતાં સાથે સાથે અવકાશમાં પોતાની લંબવર્તુળાકાર ભ્રમણ કક્ષાને ચાતરી રહ્યાં છે તેની પાછળ પણ એ જ હેતુ છે, જે હેતુ માટે સમગ્ર જગત શોધ કરી રહ્યું છે ? અને આ સમગ્ર બ્રહ્માંડવ્યાપી કાર્ય ખૂબ જ શાંતિથી, કોઈ પ્રદર્શન વગર મૂક રીતે ચાલી રહ્યું છે. ભ્રમણકક્ષા ચાતરતા ન્યુટ્રોન પ્રોટોન વગેરે આ કામ મૌનમાં જ કરતાં હોય છે. શ્રી અરવિંદ લખે છે કે

As in the building of a grain of dust,
The grooves that turn their dumb ellipse in space
Ploughed by the seeking of the worlds's desire.

સમગ્ર વિશ્વમાં આ જે લાંબા સમયથી ચાલી રહ્યું છે તે સમયનાં અખંડ પ્રવાહમાં થતી ઘટના છે. સનાતન કાળની (Time) ઘટના છે. બધે જાણે પુનરાવર્તન કરી કરીને જ જગતને ઘાટ અપાઈ રહ્યો છે. સૂર્યચંદ્રના ઉદયાસ્ત, ઋતુઓનું ચક્ર, પરમાણુઓની ભ્રમણ-કક્ષાઓ, વનસ્પતિનું, પ્રાણીઓનું માનવોનું ભૌતિક પદાર્થમાંથી સર્જન અને તેમાં જ થતું વિસર્જન, બધું જ જાણે પુનરાવર્તનના ઢાંચામાં ગોઠવાએલી વસ્તુ છે.  શા માટે આવિર્ભાવ અને તિરોભાવ થઈ રહ્યો છે ? શ્રી અરવિંદ સૂચવે છે કે ચેતનાને આ

ભૌતિક-તત્ત્વ મારફત પૂર્ણરૂપે પ્રગટ થવું છે તેથી તે સતત પ્રગટ થવા જોર કરે છે. શક્ય એટલો આવિર્ભાવ કરે છે અને નવા આવિર્ભાવનો તાણ ભૌતિક તત્ત્વ સહન નહિ કરે તો પાછી ફરીને ભૌતિક તત્ત્વમાં નિષ્ક્રિય બની સંતાઈ જાય છે. ચેતનાના આવિર્ભાવ માટેના સતત પ્રયત્નો જ આપણને પુનરાવર્તન જેવાં લાગે છે. શ્રી અરવિંદ પુનરાવર્તન માટે 'regurgitations' શબ્દ વાપરે છે. regurgitations નો અર્થ છે ઊલટી થવી અથવા ફરી ફરીને પ્રગટ થવું.

શ્રી અરવિંદ અહીં ઊલટી થવી એ ખૂબ જ ગૂઢ અર્થમાં વાપરે છે. પ્રાણતત્ત્વ ઊર્ધ્વમાંથી અવતરણ પામીને પૃથ્વીમાં સમાઈ ગયું છે ? જાણે પૃથ્વીએ તેને ગળી લીધું છે અને હવે ઉત્ક્રાંતિમાં પૃથ્વી જાણે તે પ્રાણતત્ત્વ કે પ્રાણતત્ત્વનો ઉદ્રેક પૃથ્વી તત્ત્વના જડ નિષ્ક્રિય બની ગએલાં કણોમાં રહેલ સક્રિય શક્તિને જાગૃત કરીને જીવન તરીકે પ્રગટ થવા બળ આપે. શ્રી અરવિંદ આ ઉદ્રેક પ્રાણતત્ત્વનો જ છે એ દર્શાવવા 'lust' શબ્દ વાપરે છે. lust એટલે મોહ - તીવ્રતમ ઈચ્છા; જે અશુદ્ધ પ્રાણતત્ત્વનું ખાસ લક્ષણ ગણાય છે. આ રીતે આ પ્રાણતત્ત્વનો ઉદ્રેક અથવા ઊલટી ધીમે ધીમે જડ ભૌતિક તત્ત્વમાંથી - કાદવમાંથી - પ્રાણીઓનું સર્જન કરે છે. તેમને ખાસ સ્વરૂપ આપે છે. શ્રી અરવિંદ લખે છે કે

The long regurgitations in Time's flood,
That torment edging the dire force of lust
That wakes kinetic in earth's dullard slime.
And carve a personality out of mud.

શ્રી અરવિંદ અહીં ભૌતિક અણુને 'dullard slime' કહે છે. મંદબુદ્ધિનો કાદવ કહે છે તે તેની તમોગ્રસ્તતાને કારણે.

આ પ્રાણીઓના સર્જનની પ્રક્રિયામાં જડ ભૌતિક અણુને શારીરિક તત્ત્વ તરીકે વિકસાવવા માટે નિસર્ગ અનેક યુક્તિઓ અને પ્રવૃતિઓ યોજે છે તેનું વિવરણ શ્રી અરવિંદ આપે છે. નિસર્ગે, દુઃખ, પ્રયત્ન, ભાગ્ય અને દુર્ભાગ્ય, આનંદની પ્રાપ્તિ અને દિવ્ય-આદર્શો જેવા તત્ત્વોનો ઉપયોગ કરીને આ શારીરિક પ્રાણમય અને માનસિક ઘાટ દ્વારા સ્વરૂપ રચનાનું કાર્ય કર્યું છે. રોગ, મૃત્યુ જેવા સાધનો જેથી દુઃખ અને યાતના થાય છે. તેની મદદથી જીવનશક્તિ જે સતત કાંઈક કાર્ય કરવા ઉતાવળી હોય છે તેને પોતાની આ ભૂખ સંતોષવા દુઃખરૂપી નિમિત્ત આપ્યું. દુઃખ નિવૃત્તિ કરવાની, તેને ટાળવાની મનોવૃત્તિનો ઉપયોગ કરીને પ્રયત્ન અને પુરુષાર્થને ઉષ્કેર્યો. સદ્ગુણ મેળવી સંતોષ માની પ્રગતિ ન અટકાવે માટે જીવનમાં દુર્ભાગ્યથી સદ્ગુણો પણ દુર્ગુણો સામે પરાભૂત થાય છે એવી ઘટનાઓ રચી જેથી તે દુર્ગુણોને મહાત કરવા તેના વિરોધી સદ્ગુણને

ખીલવવાની ઇચ્છા થાય. જીવનમાંના સાફલ્યથી મળતી ખુશીને અલ્પજીવી બનાવી કાયમી-સફળતા સ્થાપી - સફળતા માટે પ્રયત્ન કરવા જીવનને પ્રેર્યું. દિવ્ય પ્રેમ નિભાવતા નિભાવતા રોઈ પડાય એવી અગ્નિ પરીક્ષાઓ મૂકી  અથવા પ્રેમીપાત્રની ચિર-વિદાય કરી જીવનની અધૂરપ અને અપૂર્ણતાનો ખ્યાલ આપ્યો. સદ્ગુણી વ્યક્તિઓ વચ્ચે વિચાર-ભેદને કારણે સંઘર્ષ નિર્માણ કરી આ ગુણોથી પણ ઉપરની ત્રિગુણાતીત અવસ્થામાં જવાનો જીવનને માર્ગ ચીંધ્યો. અને આ બધી કરામતો દ્વારા અંતે એવા સત્યને પ્રાપ્ત કરાવ્યું જે પોતાના જ પ્રકાશ અને મહિમાથી સ્થિર ઊભું હોય, જે અપરાજીત હોય, સનાતન હોય. શ્રી અરવિંદ લખે છે કે

The sorrow by which Nature's hunger is fed,
The oestrus which creates with fire of pain
The fate that punishes virtue with defeat
The tragedy that distroys long happiness
The weeping of Love the quarrel of the Gods
Ceased in a truth which lives in its own light.

જડભૌતિક - તત્ત્વમાં જીવનને પ્રગટાવવા નિસર્ગે કેવા કેવા પ્રયત્નો કર્યા છે એનો ચિતાર શ્રી અરવિંદે રજૂ કર્યો છે. ઉત્ક્રાંતિ એ નૈતિક-વિકાસની વાત નથી. તે ચેતનાના વિકાસની વાત છે, જે પાર-નૈતિક વસ્તુ છે. અને તેથી જે ઉપાયયોજના વાપરવાની ના પાડે છે તેવી પણ ભયંકર ઉપાય યોજનાઓ નિસર્ગ આ ઉત્ક્રાંતિ માટે યોજે છે. તેમાં યુદ્ધ, અત્યાચાર, હિંસા, ધરતીકંપ, જળપ્રલય અને દુષ્કાળ જેવા સાર્વત્રિક વિનાશ સર્જતા ઉપાયો પણ હોઈ શકે છે. નિસર્ગ પોતાનો હેતુ સાધ્ય કરવા મુક્ત રીતે બધું જ વાપરે છે. કારણ નિસર્ગની પાછળ ચેતનાનો પોતાને પ્રગટ કરવાનો દૃઢ સંકલ્પ છે.

બીજું ઉત્ક્રાંતિની આ વૈશ્વિક-પ્રક્રિયામાં વ્યક્તિનાં અસ્તિત્વને બહુ મહત્ત્વ નથી અપાતું. ચેતનાનાં વૈશ્વિક - વિકાસના સંદર્ભમાં જ વ્યક્તિનું મહત્ત્વ અંકાય છે. તેથી પણ વ્યક્તિને નિસર્ગ કઠોર, નિર્દય, પાષાણ-હૃદયી લાગે એ સંભવ છે. પણ તે એક વાસ્તવિકતા છે. એક જીવનનું જણાતું સત્ય ચેતના સિવાય બીજું કાંઈ નથી. જીવન તો તેના પ્રગટીકરણનું માધ્યમ માત્ર છે.

ધર્મ એ વધારે નૈતિક હોય છે, સામાજિક હોય છે અને થોડોક આધ્યાત્મિક હોય છે. આધ્યાત્મિક એટલે ચેતનાના પ્રગટીકરણનાં વ્યક્તિ અને સમાજ બન્ને સાધનો માત્ર છે. ચેતના પોતે જ જીવન દ્વારા પ્રગટ થવાની પોતાની મહત્તા અને અજેય શક્તિ ધરાવે છે. એ સત્ય જ ઉત્ક્રાંતિની પ્રક્રિયાને પ્રભાવિત કરતું હોય છે. એ જ અંતિમ પ્રભાવી અને પ્રકાશમય સત્ય છે.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

## સ્વરૂપની ભૂમિકાઓ - પ્રકરણ - ૬

### અવતરણો

(ભાગ૧, પૃ. ૨૭૮-૨૮૧)

## જગતના વિવિધ સ્તરો

૧ પરામાત્મા ચેતનાની સર્વ ભૂમિકાઓ ઉપર રહેલા છે.... (પણ) તેનાં સ્વરૂપનાં ભિન્ન ભિન્ન પાસાંઓ આપણી સમક્ષ રજૂ થાય છે..... પરમતત્ત્વ..... સર્વ ભૂમિકાઓ..... અને સ્વરૂપોથી પર રહેલું છે. પૃ. ૨૭૮

૨ અતિમનસમાં..... પડદા વગર પોતાનાં 'સ્વરૂપમાં' આવિર્ભાવ પામવાની શરૂઆત કરે છે. પૃ. ૨૭૮

૩ બધી જ પદ્ધતિઓ એક જ વસ્તુ સાથે વ્યવહાર કરે છે, પરંતુ તેમના દૃષ્ટિબિંદુમાં, દર્શનની કક્ષાઓમાં તફાવત હોય છે. પૃ. ૨૭૮

૪ પ્રાચીન ભારતની પદ્ધતિમાં એક પરમ ત્રિપુટી છે - સચ્ચિદાનંદ. પૃ. ૨૭૮

૫ ભારતીય પદ્ધતિઓ... બન્ને તદ્દન ભિન્ન શક્તિઓ અને ચેતનાના સ્તરો વચ્ચે ભેદ પાડતી નહોતી. તેમાંના એકને આપણે અધિમનસ કહી શકીએ. બીજાને સાચું અતિમનસ અથવા દિવ્ય-વિજ્ઞાન. પૃ. ૨૭૮-૭૯

૬ આપણે ચેતનાઓની ભૂમિકાની દૃષ્ટિબિંદુથી જોઈએ તો ત્રણ ઉચ્ચત્તમ તત્ત્વો કહી શકાય - આનંદ (જેના ઉપર સત્ અને ચિત્ આધાર રાખે છે) અતિમનસ અને અધિમનસ (જે) નિમ્ન ગોલાર્ધના શિખર ઉપર હોય છે. પૃ. ૨૭૯

૭ માનવ અચેતનતા સિવાય બીજી કોઈ ખાઈ છે ખરી ? પૃ. ૨૭૯

૮ સ્વરૂપ અને તેના વિભાગની રચનામાં... એક સાથે બે તંત્રરચનાઓ સક્રિય હોય છે : એક કેન્દ્રવર્તી જેમાં કેન્દ્રમાં ચૈત્યપુરુષ હોય છે અને તેની આજુ બાજુ.... (આનંદમય વગેરે) કોષોની શ્રેણીઓ..... બીજા પ્રકારની..... એક શિરોલંબ રચના..... તેમાં એક ઉપર બીજી ભૂમિકાના સ્તરો હોય છે. પૃ. ૨૮૦

૯ નિમ્ન ભૂમિકાઓમાં ઊર્ધ્વ જગતનાં પ્રતિબિંબો પડે છે. પૃ. ૨૮૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

ખરેખર તો પરમાત્મા ફક્ત જગતથી પર નથી પણ તેમાં અંતર્યામી પણ છે. તે જગત સ્વરૂપે પણ રહેલાં છે. તે સર્વત્ર છે અને તેની ચેતનાના બધા જ સ્તરો છે. પણ તે બધા જ કાંઈ વ્યક્ત સ્વરૂપે નથી. પણ જગતની રચનામાં જે ક્રમશઃ એકથી એક શ્રેષ્ઠ જગત

ઊર્ધ્વમાં છે તેમાં વધુ ને વધુ સ્તરો પ્રગટ થયાં છે. નિમ્નલોકમાં તેના સ્તરોની વ્યક્તતાં ઘટતી જાય છે.

ફક્ત અતિમનસ જગતમાં જ પરમાત્મા સર્વ સ્તરો સાથે સુસંગત રીતે પૂર્ણ રીતે પ્રગટ અને વ્યક્ત થએલાં છે. અન્ય ઠેકાણે એક અથવા વધુ સ્તરો પ્રગટ હશે. પણ તેમાંની વિકૃતિને કારણે તેઓ એકબીજા સાથે વિસંવાદમાં હશે. આ અભિવ્યક્તિની ન્યૂનાધિકતા જ અજ્ઞાન અને દુઃખ તરીકે પ્રગટ થયાં છે. બીજું તે લોકમાં પરમાત્માનું જ્ઞાન પણ ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી મર્યાદિત રીતે રજૂ થએલું હોય છે, તેથી જ વિવિધ ધર્મો રચાયા છે. તેમના સિદ્ધાંતો પણ જુદા જ છે. પ્રાચીન ભારતમાં પરમાત્મ તત્ત્વને સત્-ચિત્-આનંદ સ્વરૂપ જ ગણવામાં આવે છે. આ ત્રણે વચ્ચે ભેદ પડાતો નથી પણ ત્રણ પાસા તરીકે ગણવામાં આવે છે.

આ ત્રણે ભૂમિકાઓને નીચે અવતરણ કરાવવા જે વિજ્ઞાનમય ભૂમિકા રચાઈ છે, તેને ચોથી ભૂમિકા ગણવામાં વાંધો નથી. તેને દિવ્ય-વિજ્ઞાન પણ કહી શકાય. વેદો તેને બ્રહ્મવર્ચસ અથવા બ્રહ્મશક્તિ કહેતા અને તે બ્રહ્મતત્ત્વથી અલગ ન હોવાથી તેને અદિતિ કહી તેને ચોથી ભૂમિકા તરીકે સ્વીકારતા નહિ.

આ ચોથી ભૂમિકા અતિમનસ અને અધિમનસ વચ્ચેનો તફાવત વેદકાળમાં અમુક ઋષિઓએ કરેલો છે. દા.ત. ઈન્દ્ર અને ભગવતી વચ્ચેની આખ્યાયિકા (ઉપાખ્યાન) જેમાં ઈન્દ્ર અધિમનસના પ્રતિનિધિ છે અને ભગવતી અતિમનસ ચેતનાનાં. ભગવતી જણાવે છે કે બધા જ દેવોની મૂળશક્તિ તે પોતે છે. દેવી સૂક્તમાં પણ આ જ ભાવ રજૂ થયો છે કે તે જ દેવોને સંચાલિત કરે છે. પણ આ સાચી પરંપરા પછી લુપ્ત થઈ ગઈ અને અધિમનસને જ અંતિમ તત્ત્વ માન્ય કરવામાં આવ્યું. શ્રી અરવિંદ મૂળ વૈદિક પરંપરા તરફ સ્વાનુભૂતિથી પાછા ફરી રહ્યાં છે. આ સૂક્ષ્મભેદ વૈદિક પરંપરામાંથી લૂપ્ત થતાં જ 'અચલબ્રહ્મનો' સાક્ષાત્કાર જ અંતિમ સાક્ષાત્કાર ગણાવાની શરૂઆત થઈ. તેના આધારે જ ગૌતમબુદ્ધની નિર્વાણની કલ્પના અને શ્રીકૃષ્ણની બ્રહ્મનિર્વાણની કલ્પના આવી.

પણ વાસ્તવિકતા એ છે કે અધિમનસથી પણ પેલે પાર જવાનું છે અતિમનસનાં પણ પેલીપાર જવાનું છે અને અંતે સત્-ચિત્-આનંદની સૃષ્ટિઓમાં પ્રવેશવાનું છે. સત્-ચિત્-આનંદ નિરાકાર નિષ્ક્રિય ચેતના જ છે એ વિચાર ખોટો છે. તેની પણ સાકાર, સચેતન સૃષ્ટિઓ છે; જેને વેદો સત્યલોક કહે છે, આનંદલોક કહે છે.

ચેતનાના સ્તરોમાં વચમાં વચમાં ખાઈઓ નથી પણ ત્યાં અભાનતાના પટ્ટા છે. ચેતનાનાં સ્તરો તો અખંડિત જ છે. તે એકબીજા સાથે જોડાએલાં જ છે. ફક્ત અચેતને દરેક સ્તરે પોતાના વિવિધ અજ્ઞાનનાં સ્તરો ધારણ કરીને તેમનો તદ્દન જુદા હોવાનો આભાસ રચેલો છે. તેથી જ વ્યક્તિ ચેતનાનું આરોહણ કરી શકે છે અને અનુભવી શકે

છે, તેમાં ક્રમ વિકાસ દેખાય છે.

માનવી સ્વરૂપ અને તેના વિભાગોની રચનામાં બે રીતે દર્શન થાય છે :

૧ વ્યક્તિગત ભૂમિકા ઉપર, કેન્દ્રમાં ચૈત્યપુરુષ અને તેની આજુબાજુ વિવિધ ચેતનાનાં પરિઘો. દા.ત. મનોમય ચેતના, પ્રાણમય ચેતના, સૂક્ષ્મ પાર્થિવ ચેતના, સ્થૂળ ભૌતિક ચેતના, અવચેતન અને અચેતન.

૨ વૈશ્વિક ભૂમિકા ઉપર, ચેતનાનાં વિવિધ પ્રકારનાં ચડતા ક્રમે જાણે નિસરણી રચાઈ છે જેની ઉપરથી સાધક સાધના મુજબ ઊર્ધ્વારોહણ અનુભવે છે.

અતિમનસ એ આવા જ પરિઘો કે નિસરણીના તબક્કા છે, જેની દ્વારા પસાર થઈને, માનવ-ચેતનામાંથી દિવ્ય-ચેતનામાં પ્રવેશ મળે છે. તે સંક્રમણનું બિન્દુ છે.

વ્યક્તિગત ચેતનાના પ્રથમ દર્શન મુજબ સાધક જ્યારે પ્રવાસ કરે છે ત્યારે પોતે હૃદયનાં વધુ ને વધુ ઊંડા સ્તરોએ ડૂબકી મારી રહ્યો છે એવો અંતર્યામી પ્રવાસ અનુભવે છે. વૈશ્વિક ચેતનાના બીજા દર્શન મુજબ સાધક જ્યારે પ્રવાસ કરે છે ત્યારે તે ચેતનાનું ઊર્ધ્વગમન અનુભવે છે.

આંતરિક પ્રવાસમાં આપણા બાહ્ય સ્વરૂપને વટાવ્યા બાદ આંતર સ્વરૂપનો ભેટો થાય છે તે બાહ્ય સ્વરૂપ કરતાં થોડું વધારે પ્રકાશમય અને શુદ્ધ હોય છે. કારણ તેના પ્રદેશમાં ચૈત્ય-પ્રકાશ પહોંચી શકે છે. ચૈત્યપુરુષ પોતાના ચૈત્ય-પ્રકાશની મદદથી આંતર અને બાહ્ય પ્રકૃતિનું ચૈતસિકરણ કરે છે. તેમને પોતાના સાધન તરીકે વિકસાવે છે. આ દિવ્યરૂપાંતરની તૈયારી રૂપ હોય છે. આ બધું વ્યક્તિગત ચેતનાના ક્ષેત્રમાંની જ ઘટના છે.

ચેતનાના ઊર્ધ્વારોહણમાં સાધક વ્યક્તિગત ચેતનાનું સ્તર વટાવીને વૈશ્વિક ચેતનામાં પ્રવેશે છે. આ રૂપાંતરનો વૈશ્વિકકરણનો બીજો તબક્કો છે.

ત્રીજા તબક્કામાં આધ્યાત્મિક રૂપાંતર થાય છે. જીવ, જગત અને પ્રભુ ત્રણે એકરૂપ થઈ જાય છે. બધું જ આત્માની લીલા સ્વરૂપ અનુભવાય છે.

આ ત્રણે તબક્કામાંથી પસાર થતી વખતે સાધક, ઊર્ધ્વમન, પ્રકાશમય મન, આંતરપ્રેરણાત્મક મન અને અધિમનસ ચેતનામાંથી પસાર થાય છે. દરેક ચેતનાના નવા તબક્કે આ રીતે પરિવર્તન આવતું જાય છે. અધિમનસમાં આંતરપ્રેરણાત્મક મનની કાર્યપદ્ધતિ વિકાસ પામે છે અને પૂર્ણકળાએ ખીલી ઊઠે છે. આધ્યાત્મિક રૂપાંતરમાં અતિમનસ-ચેતના પ્રગટ થવા લાગે છે. તેમાં આંતરિક રીતે જ્ઞાતા, જ્ઞેય, જ્ઞાનનો તફાવત ભૂંસાવા માંડે છે. બાહ્યમાં જીવ, જગત, પ્રભુનો ભેદ નષ્ટ થાય છે. આવી રીતે ભેદવિહિન તાદાત્મ્ય દ્વારા જ્ઞાન મેળવવાની શરૂઆત થાય છે. આ જ તબક્કે અજ્ઞાનનો નાશ થાય છે, અહંકારનો નાશ થાય છે.

(પૃ.૩૧ ઉપર)

# ભારતીય સંસ્કૃતિના પાયા

- શ્રી અરવિંદ

## અવતરણો

(પૃ.૨૪૮-૨૬૨)

૧ આપણા પોતાના કલાકીય અતીતનું સમ્યક મૂલ્યાંકન કરવું હોય તો પ્રથમ વિદેશી દૃષ્ટિબિંદુની સર્વ પ્રકારની અધીનતામાંથી મુક્ત થવું જરૂરી છે. પૃ. ૨૪૯
૨ શિલ્પકળા.... તેના ચરમ સ્વરૂપમાં માત્ર પ્રાચીન દેશોમાં ફૂલીફાલી છે. પૃ. ૨૫૦
૩ ભારતમાં..... સૌથી પુરાણી કૃતિ ઈ.સ.પૂર્વે પાંચમી સદી લગી જાય છે અને તે પૂર્ણ રીતે વિકાસ પામેલી છે. પૃ. ૨૫૧
૪ ભારતીય શિલ્પની મહત્તા અને તેનું સાતત્ય લોકોનાં ધાર્મિક, દાર્શનિક અને સૌંદર્યાત્મક મનના નિકટના સંપર્કને આભારી છે. પૃ. ૨૫૧
૫ સ્થાપત્યની માફક આ શિલ્પકળા આધ્યાત્મિક અનુભૂતિમાંથી ઉદ્‌ભવે છે. પૃ. ૨૫૩
૬ ભારતીય શિલ્પનાં દેવો વૈશ્વિક સત્તાઓ છે. પૃ. ૨૫૪
૭ ભારતીય શિલ્પની ધાર્મિક બાજુ ભારતીય ધ્યાન અને પૂજાની આધ્યાત્મિક અનુભૂતિઓની સાથે ઘનિષ્ઠ રીતે સંકળાએલી છે. પૃ. ૨૫૪
૮ બુદ્ધની આકૃતિ એક મર્યાદિત પ્રતિમામાં અસીમની અભિવ્યક્તિને સિદ્ધ કરે છે. પૃ. ૨૫૫
૯ ભારતીય સૌંદર્યબોધની રુચિ જે રેખા, પ્રવાહ અને વળાંકની અપેક્ષા રાખે છે તે યુરોપીય ધોરણોની સાથે મળતાં નથી. પૃ. ૨૫૭
૧૦ કળા શરીરશાસ્ત્ર નથી... અનિવાર્યપણે ભૌતિક હકીકતની પ્રતિકૃતિ નથી કે પ્રાકૃતિક વિજ્ઞાનનો પાઠ નથી. પૃ. ૨૬૦
૧૧ પ્રત્યેક કળાની રીતને પોતાના આદર્શો, પરંપરાઓ અને સ્વીકૃત પ્રથાઓ હોય છે. પૃ. ૨૬૧
૧૨ (કળાના) તેના આધ્યાત્મિક પુરુષાર્થનાં સાતત્યમાં તેના ભાવિની ઉત્તમ આશા રહેલી છે. પૃ. ૨૬૨

## ભારતીય શિલ્પનો પ્રેરણાસ્રોત

પ્રકરણ - ૯

**સમજૂતી** - માનસિંહ ચાવડા

બાહ્ય અને આંતર અશુદ્ધ પ્રકૃતિના પ્રભાવ નીચે જીવવાનું અને તેનું જ અનુકરણ કરવાનું ભારતીય અધ્યાત્મ શાસ્ત્ર નકારે છે. તે ફક્ત આંતરિક ઊર્ધ્વ દિવ્ય પ્રકૃતિના અનુશાસનને જ સ્વીકારે છે. આ જ વલણ કલાના ક્ષેત્રમાં પણ ભારતીય કલાકારોનું રહ્યું

છે. તે યુરોપીયન કલાકારોની જેમ બાહ્ય પ્રકૃતિનું અનુકરણ કરનારા વાસ્તવવાદમાં માનતાં નથી.

આ મૂળભૂત સિદ્ધાંત આધુનિક ભારતીયોનાં પણ ધ્યાનમાં ન આવવાથી અને આધુનિક શિક્ષણના, ભૌતિકવાદના અને ઉપયોગીતાવાદના પ્રભાવ નીચે જ રહેવાથી ભારતીય કળાનું સાચું મુલ્યાંકન કરી શકતાં નથી. તઓ ઓકાકુરા (Okakura) અને લોરેન્સ બિનિયન (Laurance Binyon) જેવા શ્રદ્ધેય અને સાચા કલાના વિવેચકોને સમજવાના બદલે વર્તમાન પત્રનાં કોલમ-રાયટરના સમજણ વગરનાં વિદેશી મૂલ્યાંકન પદ્ધતિ ઉપરના વિશ્વાસથી સર્વથા મુક્ત થયા સિવાય આનો કોઈ ઉપાય નથી.

શિલ્પકલા ખરેખર તો ફક્ત પ્રાચીન દેશોમાં જ પોતાની ચરમ સીમાએ પહોંચી છે તેમાં પણ ભારત, ઈજીપ્ત અને ગ્રીસ દેશ તેમાં મોખરે છે. તેમાંથી પ્રેરણા લઈને યુરોપે પણ પોતાની મૂલ્યાંકન પદ્ધતિને વધારે સમૃદ્ધ કરવાનો પ્રયત્ન કરેલ છે. પણ એકંદરે ઉપયોગીતાવાદે પ્રાચીન ઉદાત્તતાને હણી નાખી છે એ સત્ય છે. ભારતીય શિલ્પકળામાં ગહન ગૂઢતા, ઈજીપ્તની શિલ્પકળામાં ભવ્યતા, તો ગ્રીસની શિલ્પકળામાં ચિંતન અને આદર્શોને વ્યક્ત કર્યા છે.

ભારતીય શિલ્પકળા ધીમે ધીમે સ્થગિતતા અને પરંપરાના કઠોર નિયમોમાં વિલીન થઈ ગઈ. ઈજીપ્તની પરંપરા જ નષ્ટ પામી તો ગ્રીક શિલ્પકળામાં ફિડીયાસ (Phidias) પછી આદર્શોને બદલે સ્વચ્છંદતાનું પ્રમાણ પ્રેક્સિટેલીસ (Praxiteles) પછી આગળ પડતું આવ્યું. તે પછી યુરોપમાં તો એંજેલો (Angelo) અને રોડિન (Rodin) જેવા ગણ્યાં ગાંઠયા સાચા શિલ્પકારો પાક્યાં.

આ સહુમાં ભારતીય શિલ્પકલા ઈ.સ.પૂર્વે ૫૦૦ થી લગભગ ઈ.સ. ૧૫૦૦ સુધી બે હજાર વર્ષ તો જીવંત રહ્યાંના પ્રત્યક્ષ ઐતિહાસિક પુરાવા છે. આ લાંબા કાળનું અસ્તિત્ત્વ જ તેની બાબતમાં ઘણું બોલી જાય છે. તેને દર્શનો અને ધર્મમાંથી જ જીવનરસ પ્રાપ્ત થતો ગયો એ તેના લાંબા જીવનનું રહસ્ય છે.

પ્રાચીન ગ્રીક સ્થાપત્ય અને શિલ્પકળામાં ઈજીપ્તની અતિપ્રાચીન પરંપરાઓનો સ્પર્શ હતો. તેમની આ કલાનાં ત્રણ પાસાં હતાં :

૧ પ્રકૃતિનું અનુસરણ કરવાની ઇચ્છા.

૨ આંતરિક સત્યની અભિવ્યક્તિ કરવાની ઇચ્છા.

૩ સૌંદર્યપૂર્ણ અભિવ્યકિતની ઇચ્છા. આ ત્રણેનો સમન્વય જ્યાં સુધી તેઓ સાધી શક્યા ત્યાં સુધી ગ્રીક સ્થાપત્ય અને શિલ્પકળા અભિજાત અને ઉત્કટ કોટીની રહી. પાછળથી પ્રાણમય માગણીઓ અને ઈન્દ્રિય-ગમ્ય સૌંદર્યને પ્રાધાન્ય આપવાનું શરૂ થતાં જ તેની ઉત્તમતા ઘસાવા માંડી.

ભારતીય શિલ્પકળામાં આવી ભેળસેળ ઓછી થઈ તેનું કારણ તેની પ્રેરણાઓ ઉપનિષદના વિચારોમાંથી મળેલી અને તે રામાયણ મહાભારતે જીવંત રાખી. તેથી જ ઈન્દ્રિયગમ્ય સૌંદર્યનો આશ્રય શિલ્પકળામાં લેવા છતાં તેમાં આત્માની જ અભિવ્યક્તિ વધારે થતી રહી, પ્રાણમય માગણીઓની નહિ. ભારતમાં એક નિર્લેપ નિવૈવ્યક્તિક બ્રહ્મતત્ત્વ વ્યક્તિત્ત્વને આધાર આપતું ગણાવ્યું છે. પણ તે માટે તે વ્યક્તિત્વે પોતાના સંકુચિત અને આગ્રહી અહંકારમાંથી ઉપર ઉઠવું પડે છે. તેથી ભારતીય દેવોમાં વૈશ્વિક શક્તિઓનો અને સત્તાનો ભાવ અનુભવાય છે. જ્યારે ગ્રીક દેવતાઓમાં માનવ ગુણોનું બૃહદિકરણ દેખાય છે. ફિડીયાસનાં ઓલંપિયાના દેવિ દેવતાઓ આવા વર્ણવ્યા છે, વૈશ્વિક શક્તિઓ તરીકે નહિ. ભારતીય મૂર્તિઓનો સાધનાકીય ઉપયોગને કારણે જે ગૂઢ અનુભૂતિઓ આવે છે તેમાં આ આધુનિક ભારતીય સંસ્કૃતિનાં વિવેચકોને શ્રદ્ધા ન હોવાથી તેઓ તેનું ગહન પાસું સમજવાનું ચૂકી જાય છે. મૂર્તિ સમક્ષ ભક્ત કે સંતમાં પ્રગટ થતી પ્રભુની હાજરી અને તેથી પ્રગટતી આનંદ ઉલ્લાસની મસ્તીને તેઓ સમજી શકતા નથી. બુદ્ધના ચહેરા દ્વારા ટપકતી નિર્વાણની અનુભૂતિને કે મહાવીરસ્વામીના ચહેરા પર દેખાતી કૈવલ્યની અનુભૂતિ તેઓ સમજી શકતા નથી. પૌરાણિક કાળમાં આવી આધ્યાત્મિક અનુભૂતિઓને પ્રગટ કરવાની પદ્ધતિઓમાં વિવિધતા લાવવામાં આવી. આર્થર વગેરે ટીકાકારો આ બધાને મનોવિકૃતિ ગણે છે, એ તેમના મનોદારિદ્ર્યનું દ્યોતક છે, ન કે શિલ્પ કલાની દરિદ્રતાનું.

સારાંશ ભારતીય માનસ વધારે પડતું આધ્યાત્મિક અને ચૈતસિક છે અને પાશ્ચિમાત્યોનું બૌદ્ધિક, ઊર્મિમય અને કાલ્પનિક છે, એ મૂળભૂત તફાવત જ સમગ્ર સમસ્યાનું મૂળ છે. પોતાની બંધાએલી મનોરચના બહાર જવું બધાને જ આકરું લાગે છે. આર્થર જેવા જ્યારે બ્રહ્માના ચતુર્મુખ, દુર્ગાની અષ્ટભુજાઓ, ગણપતિનું હાથીનું મસ્તક, શિવનું તૃતિય નેત્ર જેવાં પ્રતીકોને સમજી ન શકે તેમાં તેમનો વાંક નથી. એક જ વૈશ્વિક ચેતના વિવિધ વ્યક્તિઓ મારફત કોઈ વૈશ્વિક કાર્ય ઉપાડે છે ત્યારે તે અનેક મસ્તકો, અનેક ભૂજાઓ, અનેક આંખો, અનેક શસ્ત્રો સાથે એકી વખતે કાર્ય કરતી બતાડવા ભારતીય શિલ્પકલાએ દર્શાવેલ માર્ગ કરતાં સહેલો ઉપાય જડવો મુશ્કેલ છે. સામાન્ય વસ્તુ મારફત અસામાન્ય તત્ત્વ દર્શાવવાનો આ એક માર્ગ છે. કળાએ શરીરશાસ્ત્રની મર્યાદાઓ પાળવી જોઈએ એ કાંઈ કઠોર નિયમ નથી. કાર્ટૂનમાં ક્યાં શરીરશાસ્ત્રના નિયમો પળાય છે અને છતાં તે સૂક્ષ્મ વાસ્તવિકતાઓ તો સચોટ રીતે દર્શાવે છે.

ભારતીય શિલ્પકળા અને સ્થાપત્યને અવકળા આવી ગઈ છે પણ તેનો પ્રેરણાસ્રોત પેલું અધ્યાત્મ અને તેના ઉત્તુંગભાવોનો અગ્નિ હજી ભારતીય હૃદયમાં ઠરી ગયો નથી. તે પોતાની નવી શૈલી વિકસાવી ફરી મહત્તા, પ્રાપ્ત કરશે તેમાં પણ શંકા નથી જ.

# અતિમનસ

- શ્રી અરવિંદ : શ્રી માતાજી

**અવતરણો** - (પૃ.૧૨૭ - ૧૩૦)

૧ આજે સાંજે તમારી વચ્ચે પ્રભુનું દિવ્ય સાંનિધ્ય, મૂર્ત અને સ્થૂલ સ્વરૂપે હાજર થયું હતું. પૃ.૧૨૭

૨ મારું સ્વરૂપ સજીવન સોનાનું હતું, એ બ્રહ્માંડ કરતાં વધુ મોટું હતું. પૃ.૧૨૭

૩ મારી સામે એક વિરાટ અને પ્રચંડ સોનેરી બારણું આવી રહ્યું હતું અને તે જગતને પરમાત્માથી અલગ પાડી રહ્યું હતું. પૃ.૧૨૭

૪ સમય આવી પહોંચ્યો છે. પૃ.૧૨૭

૫ મારા બન્ને હાથ વડે મેં એક પ્રચંડ સોનેરી હથોડો ઊંચકીને એ બારણા પર ઘા કર્યો. પૃ.૧૨૭

૬ અતિમનસનો પ્રકાશ, શક્તિ અને ચેતના પૃથ્વી ઉપર અસ્ખલિત પ્રવાહમાં નીચે ધસી આવ્યાં. પૃ.૧૨૭

૭ ૨૯ ફેબ્રુ. (બુધવાર) ૧૯૫૬ના રોજ જે બન્યું એ કોઈ સૂક્ષ્મ દર્શન કે અનુભૂતિ ન હતું. એ તો એક વસ્તુ કરવામાં આવેલી હતી. પૃ.૧૨૮

૮ જે વસ્તુ બની ગઈ હતી તે વિષે જાણે કે તેમને કશી જ ખબર પડી નહોતી. પૃ.૧૨૯

૯ અતિમનસનું કાર્ય વ્યક્તિગત રીતે ૧૯૫૦ના ડિસેમ્બરથી ચાલુ થઈ ગયું હતું. શ્રી અરવિંદ..... કહી ગયા હતા કે હવે વિશ્વવ્યાપક આવિર્ભાવ આવી રહ્યો છે. પૃ.૧૨૯

૧૦ એ પ્રકાશ વીસ મિનિટ લગી વરસતો રહ્યો હતો. પૃ.૧૨૯

૧૧ આશ્રમમાં બે જણને તથા બહાર ત્રણ શિષ્યોને ખબર પડેલી. પૃ.૧૩૦

૧૨ હવે જે વસ્તુઓ પહેલાં સહેલી હતી તે જાણે કશા પ્રયત્ન વિના સિદ્ધ બની ગઈ હતી. પૃ.૧૩૦

૧૩ આ આવિર્ભાવ વિશ્વના વાતાવરણમાં સૂક્ષ્મ (પાર્થિવ) તત્ત્વમાં થએલો હતો. બાહ્ય સ્થૂળ તત્ત્વમાં હજી કશું દેખાતું નહોતું. પૃ.૧૩૦

૧૪ અતિમનસ નીચે આવીને દટાઈ ગયું છે પૃ.૧૩૦

૧૫ હવે અતિમનસ સીધે સીધું દોરી રહેલું છે. પૃ.૧૩૦

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## સમય પાકી ગયો છે

પ્રકરણ - ૮

બુધવાર તા.૨૯ ફેબ્રુઆરી ૧૯૫૬નો એ દિવસ હતો. સમી સાંજનું ધ્યાન ચાલી રહ્યું હતું. સ્થળ હતું પોંડીચેરીના શ્રી અરવિંદ આશ્રમનું પ્લે ગ્રાઉન્ડ.

ધ્યાનમાં બધાં મગ્ન હતાં, ત્યારે માતાજીને એક અનુભૂતિ આવી. આ અનુભૂતિમાં ફક્ત દર્શન જ નહોતું થયું, પણ શ્રવણ પણ થએલું. આકાશવાણી પણ સંભળાએલી. શ્રી અરવિદ આમને જ 'દૃષ્ટિ' અને 'શ્રુતિ' કહે છે.

માતાજીને ધ્યાનાવસ્થામાં જ પ્રભુની હાજરી અનુભાવા લાગી. તે હાજરી અપાર્થિવ પણ લાગતી નહોતી, પણ તદ્દન મૂર્ત અને સ્થૂળ લાગવા માંડી. પ્રભુનું સાંનિધ્ય એકદમ જીવંત અને નક્કર હતું.

એ વખતે માતાજીનું ધ્યાન પોતાના સ્વરૂપ તરફ ગયું. માતાજીનું સમગ્ર સ્વરૂપ સુવર્ણમય પ્રકાશથી ઝળહળી રહ્યું હતું. તે પ્રકાશ જીવંત લાગતો હતો અર્થાત્ તે તેમની ચેતનાનો પ્રકાશ હતો. તે આત્મપ્રકાશ હતો. આત્મપ્રભા હતી. માતાજીનું સ્વરૂપ તેમને બ્રહ્માંડ કરતાં પણ વધારે વિશાલ લાગ્યું.

અને માતાજીને પોતાની સામે જ એક વિરાટ અને પ્રચંડ બારણું દેખાયું . તે બારણાને કારણે પ્રભુનો પ્રકાશ, તેની આત્મપ્રભા, જગત ઉપર વરસી શકતી નહોતી. જાણે તે બારણાએ પ્રભુને જગતથી અલગ પાડી દીધાં હતા. માતાજીને આ બધું અંદરથી જ સમજાતું હતું.

માતાજી એકાગ્રતાથી તે બારણા સામે જોઈ રહ્યાં હતાં. ત્યાં માતાજીને પોતાના હૃદયમાં અવાજ સંભળાયો. અવાજ પરિચિત હતો :

''સમય આવી ગયો છે''

માતાજીને પ્રભુ-આજ્ઞા જેવા શબ્દો લાગ્યાં. તેમણે આસપાસ જોયું. ત્યાં એક સુવર્ણમય હથોડો તેમણે જોયો. ખૂબ જ ભારે હતો. માતાજીએ તે બન્ને હાથે ઉપાડ્યો અને દૃઢ સંકલ્પથી તે સુવર્ણમય-બારણા ઉપર આઘાત કર્યો. એકજ ઘામાં તે દ્વારના ભૂક્કા બોલાઈ ગયા. તે કડ્ડ્ભૂસ કરીને ભાંગી પડ્યું.

અને તે બારણાને કારણે અટકાતો પ્રકાશ અને શક્તિ પૃથ્વી ઉપર વરસવા લાગી - અનરાધાર.

માતાજીને પ્રભુ-કૃપાનો અનુભવ આવ્યો. માતાજી ધ્યાનમાંથી બહાર આવ્યા. દર્શન અલોપ થઈ ગયું. માતાજીને લાગ્યું પ્રભુની આ કૃપાવર્ષામાં પલળી બધાં આશ્રમવાસીઓ અસ્તવ્યસ્ત થઈ ગયા હશે. પણ તેવું કાંઈ દેખાયું નહિ. આશ્રમવાસીઓ તો પોતાના ધૂળભરેલાં કપડાં ઝાટકવામાં પરોવાઈ ગયાં હતાં અને રોજિંદા કાર્યક્રમ તરફ વળી રહ્યાં હતાં.

આ અનુભૂતિ બાબતમાં પછી માતાજીએ વાત કરી તે નીચે મુજબની હતી :

‘‘એ કાંઈ સૂક્ષ્મ દર્શન નહોતું. તે કોઈ અનુભૂતિ નહોતી પણ તે એક સૂક્ષ્મમાં કરેલું પ્રત્યક્ષ કાર્ય હતું.... તે દિવસે સાંજે હું અતિમનસ જગતમાં ગએલી... મને લાગેલું કાંઈક કરવાની જરૂર છે..... મેં તે કરેલું.’’... ‘‘સમય આવી પહોંચ્યો છે’’ એ શબ્દો ફ્રેન્ચમાં નહોતા બોલાએલાં. તે અંગ્રેજીમાં બોલાએલાં. તે શ્રી અરવિંદનો અવાજ હતો. હું બારણાની અતિમનસ જગતની બાજુએ હતી. તે બારણાને કારણે જગત પ્રભુથી જુદું પડી ગયું હતું.... મારું મન જાગૃત થયું ત્યારે હું બારણાની આ બાજુ, જગતની બાજુએ આવી ગએલ હતી... મને સર્વત્ર ફેલાએલો ભવ્ય પ્રકાશ જ વ્યાપેલો દેખાઈ રહ્યો હતો.... એ પ્રકાશ વીસ મિનિટ લગી વરસતો રહ્યો હતો.... મને જાગૃત થવા માટે ખૂબ જ પ્રયત્નો કરવા પડેલાં..... આ ઘટનાની નોંધ આશ્રમનાં બે અને બહારના ત્રણ જ લોકોએ લીધી હતી. પણ આ અતિમનસનો ‘આવિર્ભાવ’ હતો, એ વાતની તેમને જાણ જ નહોતી... આને કારણે સાચા સાધકોમાં બાલ્કની-દર્શન વખતે ખાસ પ્રકારની એકાગ્રતા નિર્માણ થવા લાગી..... જે વસ્તુ પહેલા કરવામાં સહેલી લાગતી હતી તે સિદ્ધ થઈ ગયા જેવી બની ગઈ હતી. અશક્ય લાગતી હતી તે શક્ય જણાવા લાગી.’’

આ આવિર્ભાવ સૂક્ષ્મ પાર્થિવ તત્ત્વમાં થયો હતો. સ્થૂળ ભૌતિક તત્ત્વમાં હજી થયો નથી.... તે અતિમનસ પ્રકાશ સ્થૂળ ભૌતિક તત્ત્વમાં પ્રવેશીને અન્તર્ભૂત થઈ ગયું છે. તેને હવે સાધના દ્વારા પ્રગટ કરવું પડશે.

પહેલા સાધના પ્રકાશમય મનના આધારે કરાતી હતી. શ્રી અરવિંદે તે કક્ષા સિદ્ધ કરી બતાડેલી. પણ હવે પ્રત્યક્ષ અતિમનસ જ મદદે આવી પહોંચ્યું છે. તે જ સંચાલન કરી રહ્યું છે. અ કાર્ય પણ શ્રી અરવિંદે જ સૂક્ષ્મ પાર્થિવમાં રહી સિદ્ધ કરાવ્યું છે. તેઓ સતત શ્રી માતાજીમાં હાજર જ હોય છે.

---

(પૃ.૨૫ ઉપરથી)

## યોગ વિષે પત્રો

અર્થાત્ આધ્યાત્મિક રૂપાંતર પછી દિવ્ય-પ્રગતિનો માર્ગ તો અનંતમાં વિસ્તરતો જ જાય છે.

સત્-ચિત્-આનંદ એ તો વિશ્વાતીત ચેતના છે તેથી તેનું કાંઈ એક જગત નથી. પણ જગતના જે ઉચ્ચત્તમ ભાગમાં તેનું પ્રતિબિંબ પડેલું હોય છે અને તે બાબત સભાનતા આવેલી હોય છે, તેને જ આપણે સત્-ચિત્-આનંદની સૃષ્ટિઓ કહીએ છીએ.

ભૌતિક સૃષ્ટિ ઉપર આધારિત ન રહેનારા સૂક્ષ્મપાર્થિવ, પ્રાણમય અને મનોમય જગતો છે. તેઓ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. તેમનો ભૌતિક તત્ત્વમાં આવિર્ભાવ એ જ વનસ્પતિસૃષ્ટિ, પ્રાણી-સૃષ્ટિ અને માનવ-સૃષ્ટિ છે.

આમ સ્વતંત્ર જગતોની એક હારમાળા જ દેખાય છે.

# અરવિન્દોપનિષદ

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## અતિમનસનું (ચિત્શક્તિનું) સ્વરૂપ

પ્રકરણ - ૨૦

**તથેહ જગત્બ્રહ્મ સત્યપ્રકાશો ભગવતઃ।**

**ન સ્વપ્નઃ। ન માયાન્વિતં। નાલીકા ભાતિઃ।**

**સતઃ સત્યપ્રકાશસ્તુ તદ્। ન સ્વયં ભગવાન્।**

**તથાપિ સ્વયમેવ સઃ। એષા પરામાયા। એષા યોગમહાત્મ્યં।**

**રહસ્યમયસ્ય યોગેશ્વરસ્ય કૃષ્ણસ્ય એષા ચિચ્છકત્યા આનંદમયી લીલા। પરસ્યાતર્ક્યા ગતિઃ।**

તે રીતે જ, આ જગત પરમપ્રભુના પ્રકાશનું જ સંપૂર્ણ રીતે બનેલું છે અને તેથી જગત પણ બ્રહ્મસ્વરૂપ જ પરમ-ચેતના સ્વરૂપ જ છે. તે કાંઈ-સ્વપ્ન જેવું નિરર્થક કે અવાસ્તવિક નથી. તેમ જ તે ભ્રમ પણ નથી. તે કોઈ ભ્રામક પ્રકાશ સ્વરૂપ નથી. તે સત્યનો સાચો અસ્સલ પ્રકાશ સ્વરૂપ જ છે અર્થાત્ તે પ્રત્યક્ષ તાત્ત્વિક રીતે જેવા પ્રભુ છે તેવું જ નથી, પણ છે તો તે જ અર્થાત્ અન્ય સ્વરૂપે તે જ છે. તે છે પરાપ્રકૃતિનું, દિવ્ય પ્રકૃતિનું બનેલું. તે છે પ્રભુના યોગનું ઐશ્વર્ય, યોગેશ્વર્ય. આ છે રહસ્યમય, ગૂઢ યોગેશ્વર કૃષ્ણની ચૈતન્ય - શક્તિની આનંદમય લીલા ! પરમ તત્ત્વની આ અનાકલનીય, તર્કબુદ્ધિથી ન સમજાય તેવી ગતિવિધ છે.

આવી રીતે જગત પરમ-પ્રભુના દિવ્ય-પ્રકાશમાંથી જ બનેલું છે... જેમ સોનામાંથી ઘરેણાં બને અને ઘરેણાં કાયમ સોના સ્વરૂપ જ રહે છે. તેમ પરમાત્માએ લીધેલા પ્રકાશમય આકારો એટલે જ જગત છે અને તે પરમાત્માથી જુદું નથી જ. આ જગત કાંઈ મારું સ્વપ્ન નથી. મારો કલ્પનાવિલાસ નથી. નથી તે કોઈ નજરબંધીનો ખેલ કે માયા. તે કોઈ ભ્રામક પ્રકાશનું મૃગજળના જેવું બનેલું પણ નથી. તે સત્-તત્ત્વના અસ્સલ પ્રકાશનું જ બનેલું છે.

પણ પરમાત્મા જેવા છે તેવું જ જગત નથી. સોનું જેવું હોય તેવો જ દાગીનો ન હોય. આકાર બદલાય તેમ જગતના પણ ગુણધર્મો બદલાઈ ગયાં છે. પરામાત્મા અને જગતના ગુણધર્મો હવે સમાન રહ્યાં નથી. જગત નાશવંત છે, વિકારી છે, દુ:ખદાયક છે પણ પરમ-પ્રભુ તો અવિનાશી છે, અવિકારી છે અને આનંદમય છે. જગતમાં ભેદભાવ છે પ્રભુ તો અભેદ છે.

આમ છતાં જગત છે તો પ્રભુ જ, કારણ પ્રભુ સિવાય કાંઈ હસ્તિ ધરાવતું જ નથી, તેથી જગત પણ જુદા સ્વરૂપે પ્રગટ થએલાં ભગવાન પોતે જ છે.

આવી રીતે પ્રભુએ પોતાનું સનાતન સ્વરૂપ છોડીને જે અન્ય પ્રાસંગિક રૂપ લીધું છે. આને જ પરામયા કહેવામાં આવે છે. માયા એટલે યા...મા... અર્થાત્ જે જેવી છે તેવી દેખાતી નથી તે જ માયા. પ્રભુની આવી માયા-શક્તિ, અન્યરૂપ ધારણ કરવાની શક્તિ તેને જ પરામાયા કહે છે. આ જ તો છે પ્રભુની યોગ શક્તિની કમાલ ! પ્રભુ પોતાના મૂળ સનાતન સ્વરૂપમાં જ સ્થિર રહેવા એને યોગ કહે છે અને આ રીતે પોતાના મૂળ સત્ય સ્વરૂપ બાબતની સભાનતાના કારણે તેમનામાં જે વિલક્ષણ ક્ષમતાઓ પ્રગટે છે તેને યોગની કમાલ, યોગ મહાત્મ્ય કહેવામાં આવે છે. યોગી પણ આવું યોગ-મહાત્મ્ય પ્રભુ સાથે એકરૂપ થઈને મેળવી શકે જ છે. આ જે પ્રભુ કમાલ કરે છે, તેને જ તેની આનંદમય લીલા અર્થાત્ પોતાના આંતરિક આનંદને પ્રગટ કરવાની રમત કહેવામાં આવે છે. આ રમત રમી રહ્યાં છે યોગેશ્વર કૃષ્ણ. પોતે યોગેશ્વર છે તેથી જ તો તે આવી રમત રમી શકે છે. પણ આ રમત ખૂબ જ ગૂઢ છે. માનવ તર્ક-બુદ્ધિથી સમજી શકે તેવી નથી, તેથી તેને રહસ્યમય કહેવામાં આવે છે. આ રહસ્યમય આનંદમય લીલા ભગવાન શ્રીકૃષ્ણ પોતાની ચિત્શક્તિથી કરે છે. પોતાની ચેતનાની જે શક્તિ છે, આત્મ-શક્તિ છે, તેની મદદથી આ કરવું શક્ય છે. આને જ શ્રી અરવિંદ અતિમનસ શક્તિ કહે છે. ગીતા એને જ યોગમાયા શક્તિ (યોગમાયયા-ગીતા) કહે છે. વેદો તેને ‘બ્રહ્મવર્ચસ’ કહે છે. વેદાંત તેને બ્રહ્મશક્તિ કહે છે. તંત્ર તેને મા આદ્યાશક્તિ કહે છે. વૈદિક ઋષિઓ તેને અદિતિ કહેતાં.

ખરેખર પરમતત્ત્વની આ જગતનિર્માણ કરવાની પ્રક્રિયા અતર્ક્ય છે. તર્ક-બુદ્ધિથી સમજાય તેવી નથી. તે સમજાય છે ફક્ત શુદ્ધ ચિત્તથી, શુદ્ધ હ્દયથી અને તે પણ પ્રભુની કૃપાથી જ તો.

# રાષ્ટ્રીય શિક્ષણ

## અભ્યાસક્રમની પદ્ધતિ

અવતરણો

(રાષ્ટ્રીય કેળવણી - શ્રી અરવિંદ (પેજ ૪૪-૪૯)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**પ્રકરણ - ૭**

૧ (અર્વાચીન નેશનલ કાઉન્સીલની કેળવણી) એમાં શિક્ષણ ટુકડે ટુકડે કરીને આપવામાં આવે છે. દરેક વિષયને બીજા બધા વિષયોની ભેગો એકસાથે થોડો થોડો શીખવવામાં આવે છે. પૃ.૪૪

૨ જ્ઞાનનાં અધૂરાં પાર્સલ બંધાવવામાં આવ્યાં છે. પૃ.૪૪

૩ ઉપરના વર્ગોમાં.... એકાએક વિશિષ્ટ અયાસ રૂપે બનાવી દેવામાં આવ્યો છે. પૃ.૪૪

૪ પ્રાચીન પદ્ધતિમાં... પ્રથમ એક કે બે વિષયોને સંપૂર્ણ રીતે ભણાવવામાં આવતા હતા. પૃ.૪૫

૫ જૂની પદ્ધતિનો એક દોષ.... (પહેલાંના વિષયો) મગજમાંથી ભૂલાઈ જવાનો સંભવ રહે છે. પૃ.૪૫

૬ આપણે પ્રાચીન કે અર્વાચીન બેમાંથી એકે પદ્ધતિમાં બંધાઈ રહેવાની જરૂર નથી. પૃ.૪૫

૭ બાળકને સાત કે આઠ વરસની ઉમરે કોઈ પણ રીતના નિયમિત અભ્યાસમાં જોડવું ન જોઈએ.

૮ (શિક્ષણનું) માધ્યમ અને (ઈન્દ્રિયોરૂપી) સાધનો સંપૂર્ણ ન થાય તે પહેલાં..... વિષયો વધુ પ્રમાણમાં આપવા એમાં સમય અને શક્તિનો વ્યય જ થાય છે. પૃ.૪૬

૯ બાળક માટે માતૃભાષા એ જ કેળવણી માટેનું ઉત્તમ માધ્યમ છે. પૃ.૪૭

૧૦ બીજા વિષયો... માનસિક ક્રિયાઓ, તથા નૈતિક ચારિત્ર્યને સંપૂર્ણ કરવાની દૃષ્ટિથી આપવા જોઈએ. પૃ.૪૭

૧૧ દરેક બાળક જિજ્ઞાસુ... શોધક.... પૃથક્કરણ કરનાર અને કઠોર રહસ્યભેદક હોય છે. પૃ.૪૮

૧૨ કુદરતે આપણને જે શક્તિઓ... આપેલી છે તે કુદરતને તેનું કામ કરવા દઈએ તો જ આપણને મળી શકે છે. પૃ.૪૮

૧૩ આપણે પહેલું કામ તે બાળક જીવનમાં, કામમાં અને જ્ઞાનમાં રસ લેતું થાય એ કરવાનું છે. પૃ.૪૯

શિક્ષણને બાળકના વિકાસક્રમ મુજબ ગોઠવવા શિક્ષણ પદ્ધતિમાં વાર્ષિક અભ્યાસક્રમની પદ્ધતિ ગોઠવેલ છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ તે યોગ્ય જ છે. કારણ શિક્ષણ ભારરૂપ ન થઈ પડે એ જોવું જરૂરી છે.

બીજી બાજુ, આજના પ્રગત યુગમાં વિવિધ વિષયો બાબત બાળકને જાણકારી હોવી જ જોઈએ, નહિ તો તે આ સ્પર્ધાત્મક જગતમાં નહિ ટકે, એ પણ એક વાસ્તવિકતા બની ગઈ છે. આ બન્નેના સુમેળ સાથે જ અભ્યાસક્રમની રચના કરવાની જરૂર છે.

આપણી હાલના કેળવણીમાં શિક્ષણના વિષયવાર કટકા કરેલાં છે અને આવા અનેક વિષયોને એકી સાથે ભણાવવામાં આવે છે. પણ આને કારણે વિદ્યાર્થી શાળા છોડે છે ત્યારે બધું થોડું થોડું જાણે છે, પણ કોઈ વિષયનો નિષ્ણાત ન બનવાથી સમાજની અપેક્ષા મુજબ ઉપયોગી બનતો નથી. હાલનાં તબક્કે સર્વસાધારણ શિક્ષણની કક્ષા માંડ એસ. એસ. સી. સુધીની ઉંચકાઈ છે ત્યારે વિદ્યાર્થીની પરિસ્થિતિ વધારે કફોડી બનીને તે બેકારીનો બલી બની જાય છે. તેના નૈતિક-સંસ્કારો પણ ધોવાઈ જાય છે. શિક્ષણ તેને નિરૂપયોગી લાગવા માંડે છે. હાલના શિક્ષણમાં વિશિષ્ઠ અભ્યાસક્રમ ફક્ત ઉચ્ચ શિક્ષણની કક્ષાએ જ છે જે હજી બધાના ભાગ્યમાં નથી.

પ્રાચીન કાળમાં ભારતમાં દરેક કુળના વેદને પ્રાધાન્ય આપી શીખવાતો. સાથે તેના આનુશંગિક ઉપનિષદો શીખવાતાં. દરેક કુળનો વંશપરંપરાગત ઉદ્યોગનું પૂરેપૂરું શિક્ષણ અપાતું. આને કારણે તે વિદ્યાર્થી આત્મવિશ્વાસથી સમાજમાં ગોઠવાઈને પોતાની ઉપજીવિકા મેળવી લેતો. આધ્યાત્મિક સાધનાને કારણે તે સંસ્કારી માનસ ધરાવતો થતો. વળી સ્મરણ-શક્તિની સારી એવી તાલીમ મેળવેલ હોવાથી ભણેલું તેને જીવનભર યાદ રહેતું અને તેને તે ઉપયોગી પણ ગણતો. લાંબા કાળ સુધી એકાગ્રતા કેળવવાનું શિક્ષણ આપવાથી તે એક જ વિષય શીખતા કંટાળતો પણ નહિં. બીજું આવા સ્નાતકને સમાજમાં માન - સન્માનથી જોવાતો હોવાથી તે પણ તેને પ્રેરણારૂપ બની જતું.

પરીક્ષા પદ્ધતિ અને માર્કિંગ પદ્ધતિ, ગ્રેડ પદ્ધતિ આ પણ આજનું દૂષણ બની ગયું છે. વિદ્યાર્થી તેથી ખોટી પદ્ધતિઓ અજમાવી યશ મેળવવા લાલાઈત થાય છે. પ્રાચીન ભારતીય પ્રણાલીમાં આ દૂષણ મુદ્દલે નહોતું. હોશિયાર વિદ્યાર્થી કરતાં મંદબુદ્ધિનો ગુરુગ્રહવાસ લંબાતો એટલું જ.

બાળકને શિક્ષણમાં રસ પડે તે કરવું મહત્ત્વનું છે. તેનું ફરજિયાતપણું તેને આઘાત - જનક લાગવા ન દેવું જોઈએ. હસતા રમતા શિક્ષણ આપવાની કળા શિક્ષકને અવગત હોવી જરૂરી છે.

શિક્ષણનું માધ્યમ માતૃભાષા જ હોવું જરૂરી છે, જેથી શિક્ષણના માધ્યમની અવગડતામાંથી વિદ્યાર્થી મુક્ત બને. બીજું શિક્ષણનાં સાધનોનો પણ વધારે ને વધારે ઉપયોગ કરવો જરૂરી છે, કારણ તે વિદ્યાર્થીઓના શિક્ષણને રસમય બનાવે છે અને તેની એકાગ્રતાને ટકાવી રાખે છે. વિદ્યાર્થીઓમાં જાતે જ પ્રયોગશીલતા વધે એવો પ્રયત્ન કરવાથી તેનો આત્મવિશ્વાસ પણ કેળવાય છે. બાળકની કલ્પનાશકિત અને નાટ્યશક્તિનો પણ ઉપયોગ શિક્ષણમાં કરવો જરૂરી છે, જેથી બાળકમાં સર્જક-ક્ષમતા વિકાસ પામે. આમાં ઈતિહાસ, કળા, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન વગેરેનો કુશળતાથી ઉપયોગ કરતાં શિક્ષકે શીખવું પડશે. આ બહાને વિદ્યાર્થીને દેશભક્ત, વીરપૂજક અને સંસ્કૃતિ-પ્રેમી બનાવવો જરૂરી છે. વિજ્ઞાન દ્વારા બાળકની વિશ્લેષણ શક્તિ, શોધકબુદ્ધિ, વસ્તુને જીવનોપયોગી બનાવવાની દૃષ્ટિ કેળવવી જરૂરી છે.

કુદરત પણ પોતાની રીતે બાળકને કેળવતી હોય છે. તેની પ્રક્રિયા આપણા કૃત્રિમ-શિક્ષણ દ્વારા અવરોધાય નહિ તેની કાળજી લેવી જરૂરી છે.

બાળકના મગજમાં વિવિધ-વિષયોની વિગતો ઠાંસીઠાંસીને ભરવાની પદ્ધતિનો ત્યાગ કરવાનો સમય પાકી ગયો છે. બાળકને જીવનમાં, કામમાં, જ્ઞાનમાં રસ લેતો કરવો એ જ મૂળભૂત આવશ્યકતા છે. સાથે સાથે કુદરતે આપેલાં જ્ઞાનનાં કરણોને પૂરેપૂરા વિકસાવીને તેમાં લગાડવા પણ જરૂરી છે.

વિદ્યાર્થીને જ કેન્દ્રમાં રાખી શિક્ષણના અભ્યાસક્રમને ગોઠવવો પડશે, શિક્ષણતજ્ઞોનાં મંતવ્યાનુસાર નહિ. કારણ વિદ્યાર્થી એ માટીનો પિંડ નથી પણ એક જીવતી હકીકત છે. તેના પોતાના નૈસર્ગિક વિકાસને જ અગ્રતાક્રમ આપવો જરૂરી છે.

(પૃ.૩ ઉપરથી)

## દિવ્ય-પ્રેમની રીત

પ્રેમ કરવા જેવું છે અને તેમાં જીવનના સર્વ પાસાઓનો સમાવેશ કરવો એટલે તે પ્રેમને પણ સર્વાંગ પૂર્ણ અને સર્વ સમાવેશક કરવા જેવું છે. આ રીતે જ અવચેતન અને અચેતનમાં જઈને પણ પ્રભુની ચેતના સાથે એકરૂપતા સાધી પ્રભુ પ્રત્યેનાં પ્રેમને સર્વાંગી કરવાનો છે.

માતાજી જણાવે છે કે તેમને આ નવીન પ્રકારની તપશ્ચર્યાની શરૂઆત કરતી વખતે અવચેતન અને અચેતનમાં ઢસડાવું પડશે તે કબૂલ છે. પણ પ્રભુ એ વખતે તેમના અંતરમાં એ પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ ટકાવી રાખશે કે પ્રભુની આજ્ઞા અને ઈચ્છાથી જ તેમણે આ તોફાની દરિયામાં ઝંપલાવ્યું છે. આ સાહસમાં પ્રભુ પ્રત્યેનો અડગ વિશ્વાસ જ મદદરૂપ નીવડે છે.

# વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

## વૈદિક સૂકતો

## શ્રીસૂક્ત પ્રકરણ - (૩ ચાલુ)

**આદિત્યવર્ણે તપસોધિજાતો વનસ્પતિસ્તવ વૃક્ષોથ બિલ્વઃ।**
**તસ્ય ફલાનિ તપસાનુ દંતુ માયાન્તરાયાશ્ચ બાહ્યાઃ અલક્ષ્મીઃ ॥૬॥**

સૂર્ય જેવા સુવર્ણમય હે લક્ષ્મીજી (આદિત્યવર્ણે) તમારા સંકલ્પરૂપી તપમાંથી નિર્માણ થએલ (તપસોધિજાતો) આ સંસાર વૃક્ષ (વનસ્પતિઃ) અને તેના ફળ સ્વરૂપ (તસ્યફલાનિ) કારણ શરીર, સૂક્ષ્મ શરીર અને સ્થૂળ શરીરરૂપી ત્રિદલવાળું આ બિલિપત્ર સ્વરૂપ માનવી શરીર (બિલ્વઃ)માંની અવચેતન અને અચેતન સ્વરૂપ અલક્ષ્મી (અલક્ષ્મીઃ) અને તેના આંતરબાહ્ય (આંતરાયાશ્ચ બાહ્યાઃ) દુષ્પરિણામો (માયા) આ તારા તપને કારણે નષ્ટ થાઓ.

**ઉપેતુમાં દેવસખઃ કીર્તિશ્ચ મણિના સહ।**
**પ્રાદુભૂર્તોસ્મિ સુરાષ્ટ્રેસ્મિન્ કીર્તિમૃદ્ધિં દદાતુ મે ॥૭॥**

પરમપ્રભુના મિત્ર જેવો મારો ચૈત્યપુરુષ (દેવસખઃ) તેની સર્વ ક્ષમતાઓ (કીર્તિશ્ચ) અને તેણે પ્રકાશમય કરી મુકેલાં કોષો સાથે (મણિનાસહ) મને પ્રાપ્ત થાઓ (ઉપેતુમામ્). મેં દિવ્ય-ચેતનાનાં પ્રદેશમાં (સુરાષ્ટ્રેસ્મિન્) નવો દેહ અને જન્મ ધારણ કરેલો છે (પ્રાદુર્ભૂતોસ્મિ). હે ચૈત્યપુરુષ, મને (મે) તમારી દિવ્ય-ક્ષમતાઓ (કીર્તિ) અને તમારી ચેતનામાં વૃદ્ધિ (વૃદ્ધિમ્) આપો (દદાતુ).

**ક્ષુત્પિપાસામલાં જયેષ્ઠાં અલક્ષ્મીં નાશયામ્યહમ્।**
**અભૂતિં અસમૃદ્ધિં ચ સર્વાન્નિર્ણુદ મે ગૃહાત્ ॥૮॥**

આ પ્રકાશનો આવિર્ભાવ થયો તે પહેલાં જ આ શરીરમાં રહેનાર (જયેષ્ઠામ્) વાસનાઓની ભૂખ અને તરસથી મલીન થએલ (ક્ષુત્પિપાસા મલામ્) જે મલિનતા લક્ષ્મીના આવિર્ભાવ વગરની (અભૂતિમ્) અને ચૈત્યપુરુષની ક્ષમતા વગરની (અસમૃદ્ધિં ચ) તેમજ અચિત્‌ના સર્વે સ્વરૂપો સ્વરૂપ અલક્ષ્મી (સર્વાન્ અલક્ષ્મીમ્) મારા આ શરીરરૂપી ઘરમાંથી (મે ગૃહાત્) ચાલી જાય (નિર્ણુદ્).

**ગંધ દ્વારાં દુરાધર્ષાં નિત્યપુષ્ટાં કરીષિણીમ્।**
**ઈશ્વરીં સર્વભૂતાનાં તામિહોપહ્વયે શ્રિયમ્ ॥૯॥**

ગંધ ગુણધર્મ ધરાવતા પાર્થિવ તત્ત્વમાંથી બનેલાં કોષો સુધી પહોંચી ગએલાં (ગંધ

દ્વારાં) જેમનો પ્રભાવ સતત વધી રહ્યો છે તેવા (નિત્યપુષ્ટામ્) વાસનાગ્રસ્ત કોષોરૂપી પશુને નાથનાર (કરિષીણીમ્) શરીરરૂપી પંચમહાભૂતો જેના કહ્યામાં આવી ગયાં છે તેવા (સર્વભૂતાનાં ઈશ્વરીમ્) તે દિવ્ય-શક્તિને (શ્રીયમ્) હું આ શરીરમાં વધુ ને વધુ અવતરણ કરાવું છું.

**મનસઃ કામમાકૂતિં વાચઃ સત્યમશીમહિ।**
**પશૂનાં રૂપમન્નસ્ય મયિ શ્રીઃ શ્રયતાં યશઃ ॥૧૦॥**

હે લક્ષ્મીજી, તારા તે દિવ્ય તેજને ધારણ કરવાનો સંકલ્પ (આકૂતિઃ) અને તે મુજબનાં મનમાં મનોરથ જાગે (મનસઃ કામમ્) મારી વાણી સત્ય અનુભૂતિઓનો આસ્વાદ લે (સત્યંવાચાં અશીમહિ) મૂળ પશુતુલ્ય રહેલાં આ કોષો પોષણ આપનાર અન્નરૂપ બની રહો (પશૂનાં રૂપમન્નસ્ય). મારા શરીરમાં તે દિવ્ય-શક્તિનો સ્રાવ થાય (શ્રીઃ શ્રયતાંમ્) અને મને તે કાર્યમાં યશ મળે (મયિ યશઃ).

**કર્દમેન પ્રજાભૂતા મયિ સંભવ કર્દમ।**
**શ્રિયં વાસય મે કુલે માતરં પદ્મમાલિનીમ્॥૧૧॥**

અનેક કોષોરૂપી પાર્થિવ કાદવમાં (કર્દમેન) દિવ્ય-શક્તિ અને તેજ સ્વરૂપ પોતાના પુત્રોને સ્થાપી પુત્રવતી બનેલા એવા (પ્રજાભૂતા) હે લક્ષ્મી મારા શરીરમાં પણ તેવા જ દિવ્ય-કોષોરૂપી પુત્રો જન્મ લે (મયિ સંભવ કર્દમ). દિવ્ય બનેલાં કોષોરૂપી ખીલેલાં કમળોની માળા ધારણ કરનારા હે માતા (પદ્મમાલિનીમ્ માતરમ્) મારા પંચમહાભૂતો અને સપ્તધાતુ રૂપ સમૂહમાં (મે કુલે) આપ શ્રી તરીકે આવીને વાસ કરો (શ્રીયં વાસય).
**(ક્રમશઃ)**

## ગ્રાહકો જોગ

કાગળ અને પ્રિન્ટીંગના ભાવો વધતા અનિચ્છાએ સહજ-સત્સંગનું માતૃચરણે અર્પણ વાર્ષિક રૂા.૧૦૦/- ને બદલે૧૨૫/- કરવાનો કપરો નિર્ણય ટ્રસ્ટીમંડળને લેવો અનિવાર્ય બની ગયો છે. તે માટે સભાસદ - મિત્રોનાં અમે ક્ષમાપાર્થી છીએ. સહજ-સત્સંગ અમો નહિ નફો કે નહિ નુકસાનના ધોરણે ચલાવીએ છીએ.

આપણી આ સહિયારી આધ્યાત્મિક ઊર્ધ્વગામી યાત્રા વધારે રસમય, આનંદપૂર્ણ, ચેતનાને પોષક અને હિતકારી બની રહે તેવો અમારો નિશ્ચિત પ્રયત્ન રહેશે.

પ્રભુના આ કાર્યમાં આપને સહભાગી થવા પ્રેમભર્યું આમંત્રણ છે

**-ટ્રસ્ટીમંડળ**

# ઉપનિષદોનું અમૃત
- માનસિંહ ચાવડા

## છાંદોગ્યોપનિષદની દહરવિદ્યા (૮/૧)

પ્રકરણ -૧૨

સુકેશા, સત્યકામ, સૌર્યાયણી, કૌશલ્ય, વૈદર્ભિ અને કબંધ આ છ યુવાન ઋષિઓ હતા. તેમના મનમાં સાધના વિષે થોડીક ગૂંચવણો હતી, તેથી તેઓ યોગ્ય ગુરુની શોધમાં હતાં, જે તેમના પ્રશ્નો હલ કરે. ત્યાં તેમણે પિપ્પલાદ મુનિનું નામ સાંભળ્યું. બધાએ પોતાની શંકાના નિરસન માટે પિપ્પલાદ પાસે જવાનું નક્કી કર્યું અને પહોંચી ગયા. પિપ્પલાદ મુનિનાં આશ્રમમાં તેમણે પોતાની ઇચ્છા વ્યક્ત કરી.

''જાણતો હોઈશ તો જરૂર નિરાકરણ કરીશ પણ તમે બધા એક વર્ષ શ્રદ્ધાપૂર્વક અહીં તપશ્ચર્યા કરો પછી જ પૂછજો.''

બધા કબૂલ થયા.

વર્ષ પૂરું થયું. ઘણી શંકાઓનું નિરાકરણ તો પોતાની મેળે થઈ ગએલું. ઋષિનો સત્સંગ અને સહવાસ જ તેમને સાચું જ્ઞાન આપતો હતો. હવે બાકી રહેલી શંકાઓ જ નિવારવાની હતી. કબંધી ગુરુ પાસે ગયો અને વંદન કરી સાચી જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો :

''ગુરુદેવ, આ જીવસૃષ્ટિ શેમાંથી નિર્માણ થઈ છે?

(બ્રહ્મ તત્ત્વ તો નિરાકાર નિષ્ક્રિય છે, તો આ સૃષ્ટિનું કારણ શું?)

''વત્સ, બ્રહ્મ તત્ત્વને કોઈ મર્યાદા નથી. તે સાકાર કે નિરાકાર, સક્રિય કે નિષ્ક્રિય આવી અવસ્થાઓમાં બંધાતું નથી. પૂર્ણતામાં બધું જ શક્ય હોય છે. તેણે જ એકાગ્ર થઈ સાકાર સક્રિય સૃષ્ટિનું સંકલ્પરૂપી તપ કર્યું. તેની તે અવસ્થાને જ પ્રજાપતિ કહેવાય છે. તેના સંકલ્પથી બે તત્ત્વો રચાયા. પ્રાણ અને રયિ, પ્રાણને સૂર્ય, આત્મા, દિવ્યશક્તિ પણ કહેવાય છે અને રયિને ચંદ્ર અર્થાત્ પ્રકૃતિ, મન એમ પણ કહેવાય છે. રય એટલે ગતિમાન થવું, પ્રવાહ સ્વરૂપે વહેવું. જ્યોતિષમાં આત્માકારક ગ્રહ સૂર્ય અને મનકારક ગ્રહ ચંદ્ર ગણે છે. બન્નેના સંયોગથી જ સાકાર સૃષ્ટિ રચાય છે પ્રાણ શક્તિ છે. તેને કારણે રયિમાં જગતરૂપી આકારો નિર્માણ થએલાં છે (શ્રી અરવિંદ જણાવે છે કે અતિમનસ આત્મશક્તિ છે જ્યારે અધિમનસે જગત રચ્યું છે.)

ઈષ્ટ અને આપૂર્ત અર્થાત્ પોતાના મનોવાંછિત અને લોકકલ્યાણકારી કર્મો કરે તે મનની ગતિ સાથે એકરૂપ થઈ જાય છે. તેને જ પિતૃયાન, દક્ષિણ માર્ગ (નીચે જતો માર્ગ) કહે છે. જેઓ બ્રહ્મતત્ત્વને પ્રાપ્ત કરવા તપ કરે છે, તેઓ સૂર્યની (દિવ્ય-શક્તિની) ગતિને પામે છે તે જ દેવયાન પંથ. તેઓ અમરતાને વરે છે. તેથી માસનાં પ્રકાશમય શુક્લપક્ષમાં આત્માના વિકાસ માટે યજ્ઞ કરવાં જોઈએ. અંધારીયા કૃષ્ણપક્ષમાં સકામ

કર્મો. તેજ રીતે પ્રકાશમય દિવસ સૂર્યનો માર્ગ છે. અંધકારમય રાત્રી ચંદ્રનો માર્ગ છે. ''વત્સ, દેવયાન પંથે જ તપ કરવું જોઈએ.''

''ભગવન્, મને બધું સમજાયું''

હવે બીજા ઋષિ સૌર્યાયણી પોતાની શંકા પૂછે છે :

''પ્રભુ સુષુપ્તિ અવસ્થાનું સ્વરૂપ શું છે ?''

વત્સ, જેમ સૂર્યાસ્ત વખતે સૂર્ય પોતામાં બધાં કિરણો સમેટી લે છે તેમ સુષુપ્તિ અવસ્થામાં પ્રવેશતા જ મન પોતાની વિવિધ ઈન્દ્રિયોરૂપી કિરણોને પોતામાં વિલિન કરી નાખે છે. તેથી આપણને કોઈ બાહ્ય કે આંતર સંવેદનો અનુભવાતા નથી. સારાંશ મનની વૃત્તિઓ શાંત થવાથી ઈન્દ્રિયો જાણે નિર્જીવ થઈ જાય છે. અને મન જીવાત્મા પ્રકાશથી અભિભૂત થઈને સ્થિર અને શાંત બની ગએલું હોય છે.

સ્વપ્નાવસ્થામાં જીવાત્માની ચેતનાનાં પ્રકાશ મન ઝીલી લે છે. અને તેની મદદથી પોતાની અંદર રહેલાં સંસ્કારોમાંથી એક કલ્પના - જગત રચે છે. બાહ્યેન્દ્રિયો સાથેનો મનનો સંબંધ હોતો નથી. પણ આંતરીન્દ્રિયો અર્થાત્ અંતઃકરણ સાથે હોય છે. તે સૂક્ષ્મ ઈન્દ્રિયોથી તે સ્વપ્નસૃષ્ટિને જોતું હોય છે. અંતઃકરણમાંના સંસ્કારો સ્મૃતિ તરીકે પ્રગટ થઈ સ્વપ્ન રચે છે. અથવા ચિત્તે આંતરપ્રેરણાથી સ્વીકારે સંસ્કારોમાંથી સ્વપ્ન રચાય છે. જે કોઈક સૂચન કરતા હોય છે. સુષુપ્તિમાં રાત્રે જેમ પક્ષી ઝાડનો આશ્રય લઈ શાંત થઈ જાય છે, તેમ મન જીવાત્માનો આશ્રય લઈ શાંત થઈ ગએલું હોય છે. પણ આ શાંતિ તમોગુણના પ્રભાવને કારણે આવેલી હોવાથી તેમાં મનોવૃત્તિ હોય છે. પણ તે જડ અને નિષ્ક્રિય હોવાથી જણાતી નથી. તેમાં વૃત્તિઓ કોઈ ખાસ વિષય ન હોવાથી તે વૃત્તિ તરીકે ઓળખાતી નથી. (અભાવ પ્રત્યયાલંબના વૃત્તિર્નિદ્રા - યોગસૂત્ર)

હવે ત્રીજા ઋષિ વૈદર્ભિ પ્રશ્ન પૂછે છે :

'ભગવન્, પ્રાણીના શરીરને ટકાવવાનું કામ ક્યા દેવો કરે છે ? તેમાં મુખ્ય દેવ કોણ ?''

''વત્સ દરેક ઈન્દ્રિયને એક એક દેવતા છે. તે બધા મળીને શરીરને ટકાવી રાખે છે. દા.ત. કાનના દેવ આકાશતત્ત્વ, ત્વચાના વાયુદેવ, આંખના અગ્નિદેવ, જીભનાં આપદેવ અને નાકના પૃથ્વીદેવતા.''

તેમાંના મુખ્ય દેવ સમજાવવા પિપ્પલાદ મુનિએ એક વાત કહી :

''એક વખત આ દેવોમાં મુખ્ય કોણ એવો વાદવિવાદ થયો. મુખ્ય પ્રાણે કહ્યું હું જ પોતાને પાંચ સ્વરૂપે વિભાજીને તમારા પાંચ સ્વરૂપ ઈન્દ્રિયોને ટકાવી રાખું છું.''

પણ બાકીના દેવોને વિશ્વાસ બેઠો નહિ. તેથી મુખ્ય પ્રાણે સત્ય દર્શાવવા શરીરને ત્યાગવાની ક્રિયા શરૂ કરી, તેથી અન્ય ઈન્દ્રિયો અને તેનાં દેવતા પણ કમને શરીરને છોડવા લાગ્યાં. જેમ મધમાખીઓનો રાજા મધપુડામાં સ્થિર બેસે તો બધી મધમાખીઓ

પણ ત્યાં જ બેસી રહે છે. તે છોડે તો તેઓ પણ ત્યાગ કરે છે.

પ્રાણ જ શરીરમાંના દેવોમાં સહુથી મહત્ત્વના દેવ છે. પ્રાણ એટલે જ બ્રહ્મતત્ત્વની સક્રિય શક્તિ. જે અખિલ બ્રહ્માંડની રચના કરે છે.

ત્યાર પછી કૌશલ્ય ઋષિએ પ્રશ્ન પૂછ્યો, ભગવન્, પ્રાણ શેમાંથી નિર્માણ થાય છે ? તે આ શરીરમાં કેવી રીતે પ્રવેશે છે ? પોતાને કેવી રીતે વિભાજિત કરે છે? શરીરનો ત્યાગ કેવી રીતે કરે છે ? ઈન્દ્રિયોને કેવી રીતે આધાર આપે છે? હે ભગવન્ આની મને સવિસ્તર સમજણ આપો.''

''વત્સ, પ્રાણ પરમાત્મામાંથી નિર્માણ થએલી સક્રિય શક્તિ છે અને તે મનના સંકલ્પના જોરે ગર્ભમાં પ્રવેશે છે. શરીરની નિમ્ન ક્રિયાઓ દા.ત. ચાલવું, મળોત્સર્ગ અને વીર્યશ્રાવ જેવી નિમ્ન કોટીની ક્રિયા અપાનવાયુ કરે છે. જ્ઞાનેન્દ્રિયોની ક્રિયાઓ પ્રાણ પોતે કરે છે. શરીરમાંના રસોને સમગ્ર શરીરમાં સમાન રીતે પહોંચાડે છે અને સાત જ્વાળાઓને (સપ્તધાતુને) ઈંધન પરું પાડે છે. પગથી ધડમાં હૃદયસુધી શરીરમાં વ્યાપેલો છે. જ્યારે ઉદાન હૃદયથી ઉપર મસ્તક સુધી વ્યાપેલો છે. સારાંશ નાભિથી પગ સુધી નિમ્નગતિ કરનાર અપાન, નાભિથી કંઠ સુધી ઊર્ધ્વગતિ કરનાર પ્રાણ, આ બન્ને પ્રદેશોમાં વ્યાપ્ત વ્યાન, કંઠથી મસ્તકમાં ચડનાર ઉદાન અને સમગ્ર શરીરમાં સમાન વાયુ રહેલો છે.

શરીરનાં સંચાલનમાં જે પાંચ પ્રકારના વિદ્યુત સ્વરૂપ પાંચ પ્રકાશકિરણો વપરાય છે તે જ પંચપ્રાણ છે (આલ્ફા, બીટા, થીટા, ગામા વગેરે)

આ વાયુઓ નાડીઓ દ્વારા શરીરમાં ગતિ કરતા હોય છે. આવી સાતલાખ વીસહજાર (૧૦૦ X ૧૦૦ X ૭૨) (મુખ્યનાડી, ઉપનાડી, પ્રશાખાઓ મળીને) થાય છે, એમ પિપ્પલાદ મુનિ જણાવે છે.

પુણ્યવાન લોકોની ચેતના ઊર્ધ્વગામી નાડીઓથી ઉદાનવાયુ મારફત વહે છે. ત્યારે પાપી લોકોની ચેતના નિમ્નગામી નાડીઓથી અપાન વાયુ મારફત વહે છે. હવે ભરદ્વાજ પુત્ર સુકેશા ઋષિ છેલ્લો પ્રશ્ન પૂછે છે : 'ભગવન્, કોશલદેશના રાજકુમાર હિરણ્યનાભે મને ષોડશકલા યુક્ત પુરુષ બાબત પૂછેલું. પણ મને તેનો જવાબ ખબર ન હોવાથી હું નિરુત્તર રહેલો. ભગવન્ તે વિષે જ મને જણાવો''

''વત્સ, ચંદ્રની જેમ સોળકળાવાળો પુરુષ શરીરમાં જ રહે છે. ષોડશકળા એટલે પંચજ્ઞાનેન્દ્રિય, પંચકર્મેન્દ્રિય, પંચપ્રાણ અને અંતઃકરણ મળીને સોળકળા થાય છે. તે બધા પુરુષ સ્વરૂપ જ છે તેમનાથી જુદા નથી. રથના ચક્રની નાભિમાં જેમ બધા આરા એકરૂપ થઈ જાય છે, તેમ પુરુષમાં બધી કળાઓ એકરૂપ થઈ જાય છે. બધું જીવાત્મા સ્વરૂપ જ છે.''

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન નવેમ્બરનાં ૨૦૦૯ના Next Futureનો સાર - સાભાર)

## પ્રભુ સાથે વચને બંધાઈએ

**કોઈ વિષેની નિતાંત વચનબદ્ધતા શું તે વ્યક્તિને પોતાને અપાયકારક નીવડે છે ?**

**ઘણી વખત આવી દ્વિધા સર્જાય છે. કોઈ પરિસ્થિતિમાંથી નીકળી જવા કોઈ વિષેની વચનબદ્ધતા આડી આવે છે. તે ઘટનાના સારાનરસા પાસા તપાસતા તે વચનબદ્ધતામાં વધારે અટવાઈ જાય છે. કોઈ સામો પ્રશ્ન ઉપસ્થિત કરી શકે કે આનો તે વ્યક્તિને ઉપયોગ શો ? અથવા આને કારણે શું અન્યને સાચી મદદ મળે છે ? એવું પણ લાગે છે કે સામેની વ્યક્તિને વધારે અપાય થાય તો પણ એક વખત આમાંથી બહાર નીકળી જવું જરૂરી છે.**

**તેથી આપણી વચનબદ્ધતા વિષે જ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. વચનબદ્ધતાનો અર્થ શું ? શા માટે જરૂરી ? તેની મર્યાદા શું ? આ વચનબદ્ધતા એ પોતાને અથવા અન્યને આપેલું વચન છે. તેમાં કોઈ શબ્દોની ચાલાકી વાપરી છટકબારી હોતી નથી. તેમાંથી પાછા પડવાનું હોતું નથી. તેથી વચનબદ્ધ થતાં પહેલાં સો વખત વિચાર કરવો જરૂરી છે. ખરે ટાણે આપણી જ બે ઈચ્છાઓ વચ્ચે ટકરાવ થાય છે. છટકબારી કાઢી ભાગી જાઉં કે વચન પાળું. આપણે આપણને કે અન્યને આપેલ વચન પાળી શકતા ન હોઈએ તો પરમ-પ્રભુ જે આપણને મૂલવવા પણ આવતો નથી, આરોપો પણ મૂકતો નથી કે આપણને નાનપ આપી ભોંઠો પણ પાડતો નથી, તેને આપેલું વચન પાળવા શું આપણે મથશું ? તેને વચન આપવું સહેલું નથી. તેનો અભ્યાસ કરવા આપણને પૂરતો સમય, સ્થળ અને પરિસ્થિતિ આપ્યાં છે. આપણે તેમાં પૂર્ણતા પ્રાપ્ત કરી વચનબદ્ધ થવાનું છે. પ્રામાણિક અને વિવેકપૂર્ણ વચનબદ્ધતા પોતાને અપાયકારક નથી જ. દરેક વખતે તે પ્રભુની વધારે પાસે આપણને લઈ જાય છે.**

# પ્રકાશનો ઉત્સવ : નાતાલ અને દિવાળી

- માનસિંહ ચાવડા

લોકમાન્ય તિલક પોતાનાં ગીતા-રહસ્ય નામક ગ્રંથમાં જણાવે છે કે આર્યો અતિપ્રાચીન સમયમાં તે વખતે વસવાલાયક ઉત્તરધ્રુવ ઉપર રહેતા હતા. વેદોમાં છ માસનો દિવસ અને છ માસની રાત્રીના સ્પષ્ટ ઉલ્લેખો છે. ઉત્તરધ્રુવ ઉપરનો અરુણાચલ એટલે હિમપર્વત હતો જે ત્રણમાસના અરુણોદયથી અરુણરંગી દેખાતો. આગળ તિલક જણાવે છે કે પૃથ્વીની ધરી ખસતી જઈ રહેલી હોવાથી આ ઉત્તરધ્રુવ હિમાલયમાં તિબેટમાં એ સમયે હતો. ધરીના ફેરફારથી જ ઋતુચક્રમાં વિનાશક ફેરફારો થઈ, હિમ ઓગળી જલ-પ્રલય થયો જેની હકીકત નોવા અને મનુની દંતકથામાં જોવા મળે છે. ત્યારે આર્યોની બે ટુકડી પડી એક ગંગાના પ્રદેશમાં ઊતરી બીજી ઈજિપ્તમાં ગઈ. પણ બન્નેમાં પ્રકાશની ઝંખના 'પ્રકાશના ઉત્સવ' તરીકે જળવાઈ રહી.

માનવવંશના આધ્યાત્મિક વિકાસે જુદી જુદી બે સંસ્કૃતિના પાયા નાખ્યા છે. બન્નેની પોતાની આગવી વિશેષતા છે. એક છે ભારતીય આર્ય સંસ્કૃતિ, બીજી છે ઈજીપ્તની સંસ્કૃતિ. શ્રી માતાજીના મતે આ બન્ને સંસ્કૃતિનો ઉગમ કોઈ અતિપ્રાચીન સંસ્કૃતિમાંથી થયો છે. આર્ય સંસ્કૃતિએ આત્મ સાક્ષાત્કારના માર્ગે વિકાસ સાધ્યો, ઈજીપ્તે ગૂઢવિદ્યાઓના માર્ગે.

ઈજીપ્તમાં પ્રકાશના મહોત્સવ નિમિત્તે ડિસેમ્બરના આખરી અઠવાડિયામાં મહોત્સવ ઉજવાતો. ભારતની આર્ય સંસ્કૃતિમાં તે દીપોત્સવ અથવા દિવાળી, દિપાવલી તરીકે ઉજવાય છે. ૨૫ ડિસેમ્બરના દિવસથી સૂર્ય દક્ષિણ દિશાએથી ઉત્તર દિશાએ ખસતો દેખાય છે. કારણ પૃથ્વીનો ઉત્તરધ્રુવ સૂર્યની દિશાએ ઢળવા માંડે છે. આ ભૌગોલિક ઘટના માટે પાછળથી આ અતિ-પ્રાચીન સંસ્કૃતિઓએ આધ્યાત્મિક અને ગૂઢ અર્થ ઉમેર્યો છે.

પ્રભુના આયોજન મુજબ જાણે તે હેતુથી જ ૨૫ ડિસેમ્બરને રોજ ઈશુનો જન્મ થયો. ભારતીય પરંપરામાં લક્ષ્મીને આવકારતો આ ઉત્સવ છે. લક્ષ્મીપૂજનનો પ્રસંગ છે. વૈદિક પરંપરામાં શ્રી એટલે વ્યક્તિમાં રહેલી આત્માની અવિકસિત બીજ-સ્વરૂપની ક્ષમતાઓ. તે આત્માનું આંતર વૈભવ છે, તેથી તેને 'શ્રી' કહેવાય છે. તે જ્યારે પ્રગટ થઈને તે વ્યક્તિ અને સમાજને જાણવામાં આવે છે ત્યારે તેને 'લક્ષ્મી' અર્થાત્ ધ્યાનમાં, લક્ષ્યમાં આવેલી એમ કહે છે. દરેક વ્યક્તિ જન્મથી 'શ્રીમાન' હોય છે. તેણે પુરુષાર્થથી લક્ષ્મીવાન 'દૈવીસંપત્તિ' વાન બનવાનું છે, એમ ગીતા જણાવે છે.

આત્મતત્ત્વ સ્વયં પ્રકાશિત છે. જેમ અસ્તિત્વ, ચેતનતા, સર્વજ્ઞતા, આનંદમયતા આ તેનો મૂળભૂત સ્વભાવ છે (સત, ચિત્, આનંદ અને જ્ઞાન) તેમ જ પ્રકાશમયતા એ પણ તેનો મૂળભૂત સ્વભાવ છે. તેની સ્વ સભાનતા જ પ્રકાશ તરીકે પ્રગટ થતી હોય છે. જ્યારે આત્મતત્ત્વ કોઈક પોતાના જ સંકલ્પ પ્રત્યે એકાગ્ર થાય છે, ત્યારે તેમાંથી પ્રકાશનાં ધોધ છૂટે છે. આ પ્રકાશનાં વિવિધ પ્રકાશ રંગો હોય છે. સંકલ્પાનુસાર જ આત્મતત્ત્વ જે સ્વરૂપ ધારણ

કરે છે તે મુજબ તે પ્રકાશરંગ બદલાતો હોય છે. આ આત્મતત્ત્વે ધારણ કરેલા સ્વરૂપોને જ આપણે 'તત્ત્વો' કહીએ છીએ. ચૈત્ય, મન, પ્રાણ, પાર્થિવતત્ત્વ અવચેતન, અચેતન આ બધા તત્ત્વો છે. તત્ત્વનો અર્થ જેમાં થોડાક અંશે આત્મતત્ત્વનો મૂળ સ્વભાવ રહી ગયો છે અને થોડાક અંશે બદલાઈ ગયો છે એવી આત્મતત્ત્વની જ સંક્રાન્ત અવસ્થા. તત્+ત્વ નો અર્થ છે તે અનિર્વચનીય આત્મતત્ત્વનું થોડુંક સરખાપણું તેમાં છે એવી આત્મતત્ત્વે ધારણ કરેલી અવસ્થા.

સારાંશ તત્ત્વાનુસાર આત્મતત્ત્વ જુદા જુદા પ્રકાશરંગો ઉત્સર્જીત કરે છે. દરેક પ્રકાશ મૂળભૂત રીતે આંતરિક રીતે, દિવ્ય હોવા છતાં તેના બાહ્ય આવિર્ભાવમાં અશુદ્ધિઓ વધતા-ઓછા પ્રમાણમાં ધારણ કરે છે. તેટલા પ્રમાણમાં તે તત્ત્વ અશુદ્ધ કે મલિન ગણાય છે.

આથી વેદોમાં બ્રહ્મતત્ત્વની, આત્મતત્ત્વની જાણ ઋષિ પોતાનાં શિષ્યોને કરતા ત્યારે એક વાક્ય અચૂક જણાવતા :

**જ્ઞાનમ્, ચૈતન્યમ્, જ્યોતિર્, બ્રહ્મ।**

હે સૌમ્ય, તે આત્મતત્ત્વ જ્ઞાનમય છે. ચૈતન્યમય છે અને જ્યોતિર્મય પણ છે. સંસ્કૃતમાં 'મય' પદ એકરૂપતા દર્શાવે છે, જન્મજાત વિશેષતા અથવા સ્વભાવ દેખાડે છે. તે પાછળથી નિર્માણ થએલો ગુણ હોતો નથી. જેમ સુવર્ણમય મુદ્રિકાનો અર્થ છે. 'સોનાની વીંટી'. અહીં 'સોનું' પહેલેથી જ છે 'વીંટી'નો આકાર પાછળથી થયો છે. તેમ બધા જ તત્ત્વોનાં ઘાટ પાછળથી રચાયા છે. પણ 'આત્મા' પહેલેથી જ છે તે મૂળભૂત સનાતન વસ્તુ છે. આપણે તેને મૂળભૂત તત્ત્વ કહીએ છીએ. તે અર્થમાં 'મય' આ શબ્દ પ્રચલિત થયો છે.

માનવસ્વરૂપની વિશેષતા એ છે કે તેના સૂક્ષ્મ અને કારણ શરીરમાં આ બધા જ તત્ત્વોનાં પ્રકાશને ઝીલવાની ક્ષમતા ધરાવતા યોગચક્રો છે તે અર્થમાં જ કહ્યું છે કે શરીર એ બ્રહ્માંડની નાનકડી પ્રતિકૃતિ છે – યત્ પિંડે તત્ બ્રહ્માંડે।

આ બધા જ તત્ત્વોના આવિર્ભાવોનો કોઈ મૂળભૂત દિવ્ય હેતુ છે જે પ્રભુના તે તત્ત્વ માટે કરેલા સંકલ્પને મળતો આવે છે. જો તે તત્ત્વ પોતામાં નિહિત સાચો સ્વયંભૂ પ્રકાશ પ્રગટ કરી શકે તો તે પ્રકાશમાં ચૈત્યપુરુષ તે તત્ત્વને લગતો સાચો, શુદ્ધ, મૂળભૂત પ્રયોજન સ્વરૂપ ગુણધર્મ સહેલાઈથી, શુદ્ધ સ્વરૂપે વિકસાવી શકે છે અને તેના તે તત્ત્વ માટે સેવેલો પ્રભુનો સંકલ્પ સિદ્ધ કરી શકે છે.

આત્મતત્ત્વ એ બધા જ પ્રકાશરંગોની જનની હોવા છતાં બધા જ તત્ત્વો આત્મતત્ત્વને પૂર્ણ અને શુદ્ધ રીતે પ્રગટ કરી શકતા નથી, પણ તેના કોઈ પાસાને જ પ્રગટ કરે છે અને તે પણ તત્ત્વની શુદ્ધિના પ્રમાણમાં જ.

હિરક ધવલ પ્રકાશ એ સર્વ પ્રકાશ રંગોની જનની કહેવાય છે. ભારતીય પરંપરા મુજબ આવા મૂળભૂત બાર પ્રકાશરંગો છે જેમને બાર આદિત્યો કહેવામાં આવે છે. આધુનિક વિજ્ઞાન તેના ભૌતિક કક્ષાના આવિર્ભાવને વિશ્વ કિરણો કહે છે. માતાજીનું પ્રતીક આ ગૂઢપરંપરાનું નિર્દેશક છે.

ભૌતિક પ્રકાશ એ તો આ મૂળભૂત આત્મપ્રકાશનો ભૌતિક કક્ષાનો આવિર્ભાવ માત્ર છે. જે વસ્તુ આ પ્રકાશને કોઈક સ્તરે પ્રગટ થતા માધ્યમ પૂરું પાડે છે તેને વેદોમાં 'અદિતિ' અથવા 'સૂર્ય' કહે છે. આત્માના પ્રકાશને 'અદિતિ' કહે છે કારણ તે આત્માનો સ્વભાવ છે અને તેથી અલગ નથી. તે અદિતિને, આત્મપ્રભાને, વિવિધ કક્ષાએ વિવિધરૂપે પ્રગટ કરતા કેન્દ્રો એટલે જ આદિત્યો. તે દિવ્ય પ્રકાશને 'સૂર' પણ કહે છે સૂર એટલે સંવાદમય, લયબદ્ધ પ્રકાશનું આંદોલન. તેથી તેને પ્રગટ કરતા કેન્દ્રને 'સૂર્ય' કહે છે. આપણા આ ભૌતિક સૂર્યની પાછળ આવી હજી અગિયાર કક્ષાઓ છે જ્યાં વિવિધ કક્ષાના સૂર્યો છે તેથી આપણે આ ભૌતિક સૂર્યની નહિં પણ તેની પરંજ્યોતિની વરં રૂપમ્‌ની ઉપાસના કરવી જોઈએ એવું શ્રી અરવિંદ ખાસ પોતાની નૂતના ગાયત્રીમાં જણાવે છે.

શ્રી અરવિંદે જે તે તત્ત્વનાં વિવિધ પ્રકાશરંગો કહ્યાં છે. પણ કોઈ પણ તત્ત્વ આપણા સ્વરૂપમાં શુદ્ધ સ્વરૂપે રહેલું નથી. એક તત્ત્વ બીજા તત્ત્વ સાથે સેળભેળ થએલું હોય છે. તેથી તેમનાં સંયોગથી વિવિધ પ્રકાશ રંગ-છટાઓ રચાતી હોય છે. તેથી આપણે પ્રકાશરંગ છટાઓ ઉપરથી કયા તત્ત્વોનો સંયોગ થએલ છે તે જાણી શકીએ છીએ. પણ વાસ્તવિક જીવનમાં ફક્ત બે જ તત્ત્વો સંયોગ પામેલાં હોતા નથી. તત્ત્વો અથવા તે તત્ત્વોનાં વધારે ઓછા અંશો મળેલા હોવાથી પ્રકાશરંગોની અનંત છટાઓ રચાતી હોય છે. આપણે ફક્ત બે તત્ત્વોનો જ સંયોગ થયો છે એમ માની સમજવા માટે નીચે મુજબ જણાવી શકીએ. કોમ્પ્યુટરમાં કલરની શેડ માટે જેમ કોમ્પ્યુટર તેમાંના મૂળભૂત રંગોની ટકાવારી જણાવી દે છે એવી કોઈ ક્ષમતા ધરાવતી વ્યક્તિ જ આ પ્રકાશરંગોની અનંત છટાઓનો નિશ્ચિત ગુણધર્મ જણાવી શકશે. પણ તે માટે તેને દરેક રંગછટા માટે નવાં જ નામ શોધવા પડશે. હાલની ભાષામાં દરેક રંગછટા માટેનાં નિશ્ચિત નામો ઉપલબ્ધ નથી, તે મુશ્કેલીની પણ નોંધ લેવી જરૂરી છે. કારણ તે વિના વસ્તુ સમજાવવી મુશ્કેલ છે. શ્રી માતાજીએ મધર્સ એજેંડામાં તા. ૧૮ મે ૧૯૬૩ રોજ The gradation of colours in the inner - world (આંતરિક જગતમાં પ્રકાશ રંગોની વિવિધ કક્ષાઓ) બાબત નીચેની વિગતો આપેલી છે. (જે બાર સૂર્યની છે)

| | બાર ચક્રો / જગત / તત્ત્વ / આદિત્ય | પ્રકાશ રંગો |
|---|---|---|
| ૧ | અચેતન / અવચેતન | black (કાળો) |
| ૨ | સ્થૂળ ભૌતિક | violet (જાંબલી) Not transparent, dark |
| ૩ | સૂક્ષ્મ પ્રાણમય | Light violet (આછો જાંબલી) |
| ૪ | નિમ્ન પ્રાણમય | Light Red (અરૂણ) |
| ૫ | ઊર્ધ્વ પ્રાણમય | Suffire (કેસરી) |
| ૬ | ચિંતનાત્મક મન | Bright blue not too light (નીલ) |
| ૭ | ઊર્ધ્વમન | Light Blue (આછો નીલ) |
| ૮ | પ્રકાશમય મન | Silver light blue (રૂપેરી) આછો નીલ |

| | | |
|---|---|---|
| ૯ | આંતરપ્રેરણાયુક્ત મન | Light Yellow (આછો પીળો) |
| ૧૦ | અધિમનસ | All bright colours (બધા ચળકતાં પ્રકાશરંગો) |
| ૧૧ | વિજ્ઞાનમય અતિમનસ (ત્રણ સ્તર) | Golden (સુવર્ણમય) |
| ૧૨ | આનંદમય | Golden White (સોનેરી શ્વેત) |
| | | Silver White (રૂપેરી શ્વેત) |
| | આદ્યાશક્તિ | Dimond (હિરક) |

દેવો આવા પ્રકાશમય સચેતન વૈશ્વિક બળો છે. શ્રી અરવિન્દના સ્વયંલેખનમાં (Auto-Writing) કોઈ અનામી આત્માએ માનવી શરીરમાં વિવિધ ક્ષમતાઓ અને તત્ત્વોને વિકસાવતા વિવિધ-દેવતાઓની સંખ્યાનો ઉલ્લેખ કરેલ છે, જે સમજી લેવું રસપ્રદ બનશે.

| | તત્ત્વ | તેને વિકસાવતા દેવતાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | Psychic Proper (શુદ્ધ ચૈતસિક) | ૩૦ |
| ૨ | Psychic Mental (ચૈતસિક મન) | ૪૦ |
| ૩ | Mental Proper (શુદ્ધ મન) | ૩૦ |
| ૪ | Mental Psychic (માનસિક ચૈત્ય) | ૪૦ |
| ૫ | Nervous Mental (પ્રાણમય મન) | ૩૦ |
| ૬ | Nervous Proper (શુદ્ધ પ્રાણમય) | ૩૦ |
| ૭ | Nervous Physical (પ્રાણમય પાર્થિવ) | ૩૦ |
| ૮ | Physical Nervous (પાર્થિવ પ્રાણમય) | ૩૦ |
| ૯ | Physical Proper (શુદ્ધ પાર્થિવ) | ૩૦ |
| | | ૨૯૦ |

આમ ઉત્ક્રાંતિમાં હાલના તબક્કે નવ તત્ત્વોમાં મળીને કુલ ૨૯૦ દેવતાઓ (પ્રકાશરંગો) કાર્ય કરી રહ્યાં છે. જે વિવિધ રંગોની અને તેમના સંયોગોના સંમિશ્ર રંગોની રંગ છટાઓ છે. તેથી એક તત્ત્વ દીઠ ૨૯૦/૯ = ૩૨.૨૨ = ૩૩ થાય છે. શું આ તેત્રીસ કરોડ દેવોનો અર્થ છે ? ઉત્ક્રાંતિ આગળ વધતા આ પ્રકાશરંગોની સંખ્યા વધતી જઈ એક હજાર થશે. સહસ્રાર ચક્રનો શું આ અર્થ છે ? આ જો સાચું હોય તો આપણી પરંપરાનો યોગિક અર્થ સ્પષ્ટ થાય છે. દિપાવલીનાં દિવડાંઓની હારમાળા એટલે વધુ ને વધુ દેવોનું ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં પ્રવેશવું. એ જ છે દેવ-દિવાળી ઉજવવાનું યોગિક-રહસ્ય. સાધકને સાધનાનાં ઊર્ધ્વ તબક્કાઓમાંનો પ્રવેશ એટલે વધુ ને વધુ દેવોનો ઉત્ક્રાંતિમાં પ્રવેશ. શું શ્રી અરવિન્દની પુદુચેરી આગમન શતાબ્દી આ રીતે ન ઉજવી શકાય ? શ્રી અરવિંદની અપેક્ષા છે કે આપણે દિવ્યપ્રકાશના વીરપુરુષો અને દિવ્ય-યોદ્ધાઓ બનીએ.

Heroes and soldiers of the army of Light "Savitri" -2, C-4, P-211

# શ્રી અરવિન્દ પુદુચેરી આગમન શતાબ્દી

## પ્રગતિ અને રૂપાંતર

- હર્ષદ ઠકરાર

આપણે સૌ શ્રી અરવિંદ પુદુચેરી આગમન શતાબ્દી ઉજવી રહ્યાં છીએ. આ શતાબ્દીની ઉજવણીનો હેતુ શું છે ? આપણે કઈ શક્તિ પ્રાપ્ત કરવાની છે ? આ અને આ પ્રકારના અનેક પ્રશ્નો સ્વાભાવિક રીતે થાય. આ પ્રશ્નોનો પ્રત્યુત્તર શ્રી માતાજી અને શ્રી અરવિંદે આપેલા સંદેશાઓમાંથી પ્રાપ્ત થાય છે.

આ શતાબ્દી કેવી રીતે ઉજવવી જોઈએ તે માટે શ્રી માતાજીનો ૨૦૦૯નો નૂતન વર્ષનો સંદેશો સત્ય રાહનો નિર્દેશ કરે છે :

Let this year be a year of progress and transformation - one more step on the way leading to the Divine Realisation. -The Mother

આ વર્ષ પ્રગતિ અને રૂપાંતર દ્વારા દિવ્ય સાક્ષાત્કારના માર્ગનું એક વધુ સોપાન બની રહો. - શ્રી માતાજી

આ સંદેશા દ્વારા શ્રી માતાજી આપણને પ્રગતિ દ્વારા રૂપાંતર સાધી દિવ્ય-સાક્ષાત્કારના માર્ગે એક સોપાન સર કરવાનું જણાવે છે. આ સંદેશો આપણને ઉત્ક્રાંતિની પ્રક્રિયાની સમજણ આપે છે. આપણે સૌ ચેતનાની ઉત્ક્રાંતિ દ્વારા પાર્થિવ ચેતનામાંથી રૂપાંતરીત થઈ મનોમય ચેતના સુધી પ્રગતિ સાધી છે. ઉત્ક્રાતિની આ પ્રગતિને શ્રી અરવિન્દ પૂર્ણવિરામ કહેતા નથી, પરંતુ અલ્પવિરામ કહે છે.

મનોમય ચેતનામાંથી દિવ્ય ચેતનામાં રૂપાંતરિત થવાની આપણી પ્રગતિ ચાલુ છે. ચેતનાની પ્રગતિને સમજાવતા શ્રી માતાજી જણાવે છે તે મુજબ ચેતનાની અવસ્થામાં પોતે જે ક્ષણે જે કાંઈ છે અને પોતાની પાસે જે કાંઈ છે તેનો ત્યાગ કરી, પોતે જે ચેતનામાં છે તેના કરતા ઉચ્ચ ચેતનામાં પ્રવેશ કરવો તે પ્રગતિ છે. આમ ચેતનાની ઉત્ક્રાંતિ એ મત્સ્ય અવતારથી કલ્કી અવતાર સુધીની પ્રગતિ છે.

પાર્થિવ ચેતનામાંથી ઉત્ક્રાંત પામી માનવ મનોમય ચેતના સુધીની પ્રગતિ સાધી હાલની અવસ્થાએ પહોંચ્યો છે. માનવની આજની અવસ્થા અજ્ઞાનમય છે, જેથી માનવ ભૌતિક સંપત્તિ અને ભૌતિક સત્તા પાછળ પોતાનું જીવન વ્યતિત કરે છે. આ અજ્ઞાનમય અવસ્થામાંથી માનવે જ્ઞાનમય, પ્રકાશમય અવસ્થામાં ઉત્ક્રાંત થવાનું છે.

પ્રકૃતિએ તો તેનું ઉત્કાંતિનું કાર્ય કરવાની જ છે. માનવે, પ્રભુએ તેને જે મન આપ્યું છે, તે મન દ્વારા ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં મદદરૂપ થવાનું છે, અવરોધરૂપ નહીં. જેને સમજાવતા શ્રી માતાજી જણાવે છે કે જ્ઞાન પ્રાપ્તિ માટે માનવે હંમેશા વિકાસ સાધવાનો

છે, એટલે કે પ્રગતિશીલ બનવાનું છે. આ પ્રગતિ દ્વારા માનવે મનોમય ચેતનામાંથી ઉત્ક્રાંત થઈ દિવ્ય ચેતનામાં પ્રવેશવાનું છે.

દિવ્ય ચેતનામાં પ્રવેશવા માટે માનવે પોતાની અંદર પરમાત્માની પ્રાપ્તિની ઝંખનાનો સંકલ્પ કરવો જોઈએ. ફક્ત સંકલ્પ થવાથી માનવનું કાર્ય પૂર્ણ થતું નથી, પરંતુ સંકલ્પની સાથે દિવ્ય માર્ગે પ્રગતિ સાધવા માટે માનવમાં હિંમત અને ખંત પણ હોવા જરૂરી છે. આ હિંમત અને ખંત દ્વારા માનવ પોતાનામાં રહેલ અસત્ય અને અંધકારનો પરિત્યાગ કરી અજ્ઞાનની આસક્તિમાંથી મુક્ત થઈ જ્ઞાનના સત્યમય, પ્રકાશમય જગતમાં પ્રવેશ કરવા પાત્રતા પ્રાપ્ત કરે છે.

માનવમાં હિંમત અને ખંતભરેલો સંકલ્પ એટલે માનવમાં દિવ્યતા પ્રત્યે જાગૃત એવી અભીપ્સા. 'મા' પુસ્તકમાં શ્રી અરવિંદ જણાવે છે તે મજબ દિવ્યતા સાથે યોગ સાધવા માટે માનવમાં સદા જાગૃત અભીપ્સા હોવી જોઈએ અને તેને પ્રત્યુત્તર આપતી ઊર્ધ્વલોકમાંથી અવતરતી પ્રભુની કરુણા હોવી જોઈએ. જેમ જેમ માનવની અભીપ્સા ધગશવાળી અને સતત જાગ્રત બનતી જાય છે, તેમ તેના ઉપર પ્રભુની કરુણા સતત વરસતી હોય છે. જો માનવ અભીપ્સા સેવતો અટકી જાય તો તેના ઉપર અવતરતી પ્રભુની કૃપા પણ અટકી  જાય છે, જેના કારણે માનવની પ્રગતિ પણ અટકી જાય છે.

માનવની અભીપ્સા અટકવાનું કારણ માનવમાં રહેલો અહંકાર છે. આ અહંકારને દૂર કરવા માટે માનવે પોતાની જાત સંપૂર્ણપણે પ્રભુને સમર્પિત કરવાની થાય છે. સંપૂર્ણ સમર્પણ એટલે માનવે સત્યનિષ્ઠ બની પોતે જે સત્તાનો અંશ છે, તે અંશને જાગૃત કરવાનો છે. આ જાગૃતિ એટલે માનવના અહંકારનું પોતાના ચૈત્યપુરુષમાં રૂપાંતર.

માનવનો અહંકાર ચૈત્યપુરુષમાં રૂપાંતરિત થતો હોવાથી માનવમાં દિવ્યતાને ગ્રહણ કરવાની ક્ષમતામાં વૃદ્ધિ થાય છે. જેમ જેમ માનવમાં દિવ્યતાને ગ્રહણ કરવાની ક્ષમતા વધતી જાય છે તેમ તેમ માનવની અંદર રહેલ અદિવ્યતા ખરી પડતી જાય છે. અદિવ્યતા ખરી પડવાથી માનવની દિવ્ય માનવમાં રૂપાંતર પામવાની પ્રગતિ તેજ બને છે. આમ પ્રગતિ સાધતો માનવ દિવ્ય માનવમાં રૂપાંતરિત પામવાની પૂર્ણતા પ્રાપ્ત કરે છે.

દિવ્યતાને પૂર્ણ કક્ષાએ પ્રાપ્ત કર્યા બાદ માનવ દિવ્ય માનવમાં રૂપાંતરિત થઈ દિવ્યતાને નક્કર સ્વરૂપે અનુભવશે. આ નક્કરતા પ્રાપ્ત થયા બાદ માનવ દિવ્યમાનવ બનતો હોવાથી તેની દ્વારા સદાને માટે દિવ્યતા જ અભિવ્યક્ત થશે, જે પરમ પ્રભુનો ગુણ છે. આ જ છે પ્રગતિ, રૂપાંતર અને દિવ્યતાને માર્ગે એક વધુ સોપાન.

ચાલો આપણે સૌ પણ પ્રગતિ અને રૂપાંતરની પ્રક્રિયા દ્વારા શ્રી અરવિંદ પુદુચેરી આગમન શતાબ્દી ઉજવીએ, તેવી અભીપ્સા સતત સેવતા રહીએ, જેથી પ્રભુ કૃપા આપણા સૌ ઉપર સતત અવતરતી રહે.

ૐ શાંતિ શાંતિ શાંતિ.



**શ્રી અરવિંદ**

ભારત-આત્મા-સુજાગરઃ, સંસ્કૃતિ-નિષ્ઠા વિવર્ધકઃ ।
ક્રાંતિયજ્ઞ ઉદ્‌ઘોષકઃ, મહાકાવ્ય સુલેખકઃ ॥



## વરાહ - અવતાર

પાર્થિવ તત્ત્વ પ્રાણમય બને, પ્રાણનો વધુ વિકાસ,
ઈંડાં નહિ, બચ્ચાં જણે, સસ્તન પ્રાણી ગણાય.

પાર્થિવ ચેતનાને ઉગારતું, ભૌતિક - જીવનથી પર,
ભાવ - જીવન વિકસાવતું, આ ધરતી પર સત્વર.

(વરાહવતારમાં પૃથ્વીને અચેતનનાં સાગરમાંથી ઉપાડી તારવામાં આવે છે એવું પ્રતીક છે. ભૌતિક જીવનમાંથી આંતરિક પ્રાણમય જીવનમાં પ્રવેશનું આ પ્રતીક છે.)


સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા.૧૦૦.૦૦ વિદેશમા : ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH